સુવિચાર
મારા જીવનની સૌથી મોટી શોધ આ છે. મને સમજાયું કે મારા ધૂનીપણાને સંયમમાં રાખવા માટેની શક્તિઓ મારી અંદર જ રહેલી છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૭/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ અષાઢ વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૭૭

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં મત વિસ્તાર વારાણસીની ઘટના


# બેફામ ભાવ વધતાં "ટમેટા"ને પણ જડબેસલાક સુરક્ષા

**સમગ્ર દેશમાં છેલ્લા એક મહિનાથી ટમેટાનાં ભાવ રૂપિયા ૧૫૦ થી ૨૦૦ વચ્ચે હોય ગૃહિણીઓ પરેશાન**

**આદુ, કોથમીર, મરચા સહિત તમામ જરૂરી શાકભાજીનાં ભાવ આસમાને પહોંચ્યા**

**કોંગ્રેસ પક્ષનાં મહિલા અગ્રણીઓએ પણ ટમેટાનાં ભાવ વધારાનો કર્યો વિરોધ**

**જો કે કેન્દ્ર સરકારનાં એકપણ મંત્રી કે સાંસદ મોંઘવારીનો "મ" બોલવા તૈયાર નથી**






અમરેલી, તા. ૧૦
અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં મોંઘવારીરૂપી બલ્લાએ ઉપાડો લીધો છે. દેશનાં કરોડો પરિવારો એક સાંધે ને તેર તૂટેની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. અનાજ, શાકભાજી, કઠોળ, દૂધ, ફ્રૂટ, સ્કૂલ ફી, પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસ, વીજબિલ, જીવન જરૂરી દવાઓ સહિત તમામ ચીજવસ્તુઓ અને સર્વિસમાં બેફામ ભાવ વધારો થઈ રહ્યો છે.

દરમિયાનમાં ગૃહિણીઓને જેના વગર રસોઈ બનાવવી મુશ્કેલ છે તેવા ટમેટાનો ભાવ છેલ્લા એક મહિનાથી રૂપિયા ૧૫૦ થી ૨૦૦ વચ્ચે જોવા મળે છે અને દેશમાં હવે જથ્થાબંધ ટમેટા જોવા મળે તો લૂંટ થઈ જાય તેવી પરિસ્થિતિ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સંસદિય મત વિસ્તાર વારાણસીનાં એક ટમેટાનાં વેપારીએ ટમેટાની સુરક્ષા માટે સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા કરવી પડી રહી છે.

ટમેટા ઉપરાંત આદુ, કોથમીરનાં ભાવો આસમાને પહોંચ્યા છે. મોટાભાગનાં શાકભાજીનો ભાવ પ્રતિ કિલ રૂપિયા ૧૦૦થી વધુ છે. અનાજ, કઠોળનાં ભાવો પણ વધારે હોય ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને બે ટંકનું ભોજન મેળવવું મુશ્કેલ બન્યું છે છતાં પણ જનતાનાં પૈસે તાગડધિન્ના કરતાં સત્તાધારી કે

અનુસંધાન પાના ૬ ઉપર

## ચાંદીના ચોરસા, સોનાનાં બિસ્કીટ લઈને ગુમ થનાર શખ્સનું કારસ્તાન

# ધારીનાં સોની વેપારી સાથે ભગવાનની મૂર્તિની તુલા કરવાનાં નામે રૂપિયા ૧૨.૩૫ લાખની છેતરપીંડી

**વેપારી યુવક દિવ્યેશકુમાર સિધ્ધપુરાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૦
ધારી ગામે રહેતા અને સોનાની દુકાન ધરાવતાં યુવક વેપારી પાસેથી સુરત ગામે રહેતા એક શખ્સે ધારી ગામે આવેલ સ્વામીનારાયણ મંદિરમાં ભગવાનની મૂર્તિની તુલા કરવાનું બહાનું કરી વેપારી પાસેથી ચાંદીના ચોરસા નંગ-૬ તથા સોનાનાં બિસ્કીટ નંગ-૪ મળી કુલ રૂા. ૧૨.૩૫ લાખનો મુદામાલ લઈ જઈ પરત નહી કરી ઠગાઈ કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી ગામે સ્વામીનારાયણ મંદિર પાછળ રહેતા અને મેઈન બજારમાં એન.ડી.એસ. નામની સોનાની દુકાન ધરાવતાં


અનુસંધાન પાના ૬ ઉપર

વાઘબકરી
નવચેતન
કડક દાનેદાર ચાય
હવે વધુ વ્યાજબી કિંમતમાં!


TOLL FREE NO: 1800-123-9912

પ્રવેશ કાર્ય શરૂ છે
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
DMLT માં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેક્ટ નંબર : ૯૪૨૭૨ ૪૯૨૫૬ ▪ ૯૯૨૫૬ ૯૦૦૫૫
જોઈએ છે
(૧) કમ્પ્યુટર ઓપરેટર - ૦૨
(૨) ક્લાર્ક - ૦૨
(૩) લાયબ્રેરીયન - ૦૧
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેક્ટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફક્ત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૯૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

અમૂલ ફેડરેશનને સુવર્ણ જયંતિ પ્રસંગે
અભિનંદન


૯ જુલાઈ ૧૯૭૩ ના રોજ ૬ સભ્ય દૂધ સંઘોથી શરૂ કરીને હાલમાં ગુજરાતના તમામ જિલ્લાઓને આવરી લેતા ૧૮ સભ્ય દૂધ સંઘોની ૧૮,૫૦૦ ગ્રામ્ય દૂધ સહકારી મંડળીઓ અને ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભાસદો સાથે રૂા. ૭૨૦૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી ગુજરાતી સહકારી દૂધ વિતરણ સંઘ - અમૂલ ફેડરેશન ભારતીની સૌથી મોટી એફએમસીજી સંસ્થા તરીકે ઉભરી આવેલ છે. અમૂલ આજે દૂધ ઉત્પાદકો અને ગ્રાહકોના વિશ્વાસનું પ્રતિક બનેલ છે જેના દ્વારા દૂધ ઉત્પાદકોને મહત્તમ વળતર અને ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તાના ઉત્પાદનો વ્યાજબી ભાવે મળી રહે છે.

અમરેલી જીલ્લાના ૬૨૭ ગામડાંઓ અને ૩૦,૮૫૬ દૂધ ઉત્પાદકો વતી અમે સફળતાના ઉચ્ચ શીખરો સર કરી વ્યવસાયના ગૌરવશાળી ૫૦ વર્ષો પૂર્ણ કરવા બદલ અમૂલ ફેડરેશનને અભિનંદન પાઠવીએ છીએ.

શ્રી અશ્વિન એન. સાવલિયા
ચેરમેન
અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

શ્રી મુકેશભાઈ એન. સંઘાણી
વાઈસ ચેરમેન
અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

ડો. આર.એસ. પટેલ
મેનેજિંગ ડિરેક્ટરશ્રી
અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

GCMMF
Amul
The Taste of India

### મોડી રાત્રિએ બઘડાટી બોલાવતાં ગામજનો ભર ઊંઘમાંથી જાગ્યા

# હદ થઈ : વડિયામાં શરાબી મહિલાએ સરાજાહેર ધમાલ મચાવી

**સ્થાનિકોએ ૪–૪ વખત જાણ કરી છતાં પણ પોલીસ ટીમ પહોંચી નહી**

**સમગ્ર પંથકમાં દારૂનું વેચાણ કરનાર અને પીનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ થઈ**

**કૃષ્ણપરા વિસ્તારમાં મહિલાએ ધમાલ મચાવીને દુકાનો પણ બંધ કરાવી દીધી**

**પોલીસનાં મૌનથી ગામજનોમાં પણ આશ્ચર્ય ફેલાયું હોય ઉચ્ચ અધિકારી દરમિયાગીરી કરે તે જરૂરી**



વડિયા, તા. ૧૦

રાત્રિના સમયે એક મહિલા દારૂના નશામાં ચકચૂર બની વડિયા કૃષ્ણપરા વિસ્તારમાં દુકાનદારોને ગાળો ભાંડી હાથમાં પથ્થર લઈ ખુલ્લી દાદાગીરી કરી દુકાનો બંધ કરાવવા નીકળી હતી. મહિલા એટલી દારૂના નશામાં ધૂત હતી કે એને બોલવાની પણ ભાન ન હતી. બાદમાં વડિયાના એક જાગૃત નાગરિકે વડીયા પોલીસ સ્ટેશને ચાર ચાર વખત ફોન કર્યા છતાં પોલીસ ફરકી પણ નહીં.

વડીયા પંથકમાં છેલ્લા ઘણા સમયથી દેશીના હાટડા બેફામ ચાલી રહ્યા હોય તેવું લોકોમાં પણ ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. વડિયામાં પાણીના પાઉચની માફક દેશી દારૂની કોથળી ખુલ્લેઆમ વેચાય છે. પોલીસનો ડર નથી કે બુટલેગરો પોલીસને નિવેદ ધરી દે છે તે પણ એક ચર્ચાનો વિષય બની રહ્યો છે. ગત રાત્રિના ૧૨ વાગ્યે એક મહિલા દારૂના નશામાં ધૂત બની વડિયાની ઉભી બજારમાં દુકાનદારોને બેફામ ગાળો ભાંડી હાથમાં પથ્થર રાખી હેરાન પરેશાન કરી રહી હતી. ત્યારબાદ એક રહેણાંક મકાનમાં આ મહિલા ઘૂસી ગઈ હતી ત્યારે રહેણાંક મકાનમાં રહેતા લોકો બિકના માર્યો પોતાના જ ઘરની બહાર નીકળી ગયા હતા. બાદમાં એક જાગૃત નાગરિકે વડિયા પોલીસ સ્ટેશનને ફોન કરી જાણ કરેલ હતી તો વડિયા પોલીસ સ્ટેશને મહિલા પીએસઓએ એવો જવાબ આપ્યો કે થોડીવારમાં પોલીસ આવશે. ચાર ચાર વખત ફોન કરવા છતાં બે કલાક જેટલો સમય વિતી ગયો હોવા છતાં પણ પોલીસ તો અંતે ફરકી પણ નહીં બાદમાં ગ્રામજનોએ આ મહિલા કોની વાડીની છે ત્યારે વાડી માલિકનો સંપર્ક કરી આ મહિલા કોની કોની વાડીની મજૂરી કરે છે તે તપાસ હાથ ધરી અંતે જાણવા મળ્યું કે વડિયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામનાં એક વાડી માલિક સાથે વાત કરતાં તે વાડી માલિક વડિયા આવી રાત્રિના સમયે આ મહિલા દારૂના નશામાં ચૂર હતી તેને બાઈકમાં બેસાડી લઈ ગયેલ. આમ છતાં વડિયા પોલીસ તો અંતે આવી જ નહીં. ત્યારે પ્રશ્ન એ થાય છે કે શું આવા દારૂના નશામાં છાકટા બનેલા વ્યકિતને પોલીસનો કોઈ ડર નથી લાગતો હોય તેવું જોવા મળી રહ્યું હતું. કદાચ આ મહિલા દારૂના નશામાં ધૂત હતી અને રહેણાંક મકાનમાં રહેતા લોકોને કોઈ ઈજા પહોંચાડી હોત તો તેનો જવાબદાર કોણ હોત તે પણ એક પ્રશ્ન ઉદભવી રહ્યો છે. ત્યારે વડિયા પીએસઆઈ આવા દારૂડિયાને પાઠ ભણાવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી રહી છે.

### ચેકડેમ, તળાવો અને નદીઓ છલોછલ બની

# ભૈ વાહ : કોટડાપીઠા ગ્રામ્ય પંથકમાં ૩ ઈંચ વરસાદથી સૌ કોઈ ખુશ

**ધરતી પર હરિયાળી ચાદર છવાઈ ગઈ**

કોટડાપીઠા, તા. ૧૦

બાબરા તાલુકાનાં કોટડાપીઠા સહિતનાં ગ્રામ્ય પંથકમાં બપોરબાદ જોરદાર વરસાદ પડેલ અને ત્રણેક કલાકમાં ત્રણ(૩) ઈંચ વરસાદ પડેલ છે. આ વરસાદથી ચેકડેમો છલકાયા છે. પશુપાલકોને ઘાસચારાનો પ્રશ્ન હલ થયેલ છે. મેઘરાજાએ મોલાતને પાણીથી તરબોળ કરી દેતા ખેડૂતો ખુશખુશાલ છે. આ વરસાદથી કોટડાપીઠા ઘોસીયારા તળાવમાં સારા પ્રમાણમાં આવક થયેલ છે. આ લખાય છે ત્યારે પણ ધીમી ધારે વરસાદ ચાલુ છે.



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

# ઉના : નાઠેજ ગામ પાસે બે ટ્રેક્ટર સામસામે અથડાતા ટ્રેક્ટર ચાલક યુવકનું મોત

ઉના, તા. ૧૦

ઉનાના નાઠેજ ગામ પાસે આવેલ ખાનગી શાળા પાસેના હાઈવે રોડ પર બે ટ્રેકટર સામસામે અથડાતા ટ્રેકટર ચાલક સંજયભાઈ હરિભાઈ મોરી રહે. ઉના વાળાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા આસપાસના લોકોના ટોળા એકઠા થતા ઈમરજન્સી ૧૦૮ને જાણ કરવામાં આવતા ઉના સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા મૃતક સંજયભાઈ મોરીના ભાઈએ અજાણ્યા ટ્રેકટર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### અમરેલી નજીક આવેલ

# ગાવડકા ગામે શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી ૩ ટ્રેક્ટર વડે રેતીની ચોરી કરતાં ૩ ઝડપાયા

**પોલીસે રૂા. ૬.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૧૦

અમરેલી તાલુકાનાં ગાવડકા ગામે રહેતા વિમલભાઈ ધીરૂભાઈ ઉડેચા, રમેશભાઈ નાનજીભાઈ સાવડીયા તથા ખોડાભાઈ જાગાભાઈ આજરા ગાવડકા ગામે આવેલ શેત્રુંજી નદીમાંથી અલગ અલગ ૩ ટ્રેકટરોમાં ગેરકાયદેસર અને રોયલ્ટી લીઝ પરમીટ વગર રેતી ભરતા હોય. આ અંગે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતા દરોડો પાડી ૩ ટ્રેકટર, રેતી સહિત રૂા. ૬,૫૧,૦૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### રાજુલા નજીક આવેલ

# ખેરા ગામે ગાળો બોલવાની ના પાડતા સામસામી મારા મારી

**પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૦

રાજુલા તાલુકાનાં ડાભાળા ગામે રહેતા લાલજીભાઈ પૂંજાભાઈ ગુજરીયા તથા તેમના બહેન લગ્નમાંથી ઘરે જતા હોય. ત્યારે ખેરા ગામે અનુભાઈ વશરામભાઈ ગુજરીયા સહિત ત્રણ ઈસમો ગાળો બોલતા હોય. જેથી ગાળો બોલવાની ના પાડતા કાચની બોટલ વડે માર મારી તથા લોખંડનાં પાઈપ વડે યુવકનાં માસીનાં માથામાં મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે અરવિંદભાઈ પાલાભાઈ ઘુંઘરવાએ પણ લાલજીભાઈ પૂંજાભાઈ સહિત ૩ સામે લોખંડના પાઈપ વડે માર મારી માથામાં ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

### પ્રિ–મોન્સુન કામગીરીમાં અનિયમિતતા પ્રકાશમાં આવી

# સાવરકુંડલામાં બિસ્માર મકાનની એક ભાગની દીવાલ ધરાશાયી થતાં એક વાહનને નુકસાન

**શહેરમાં અનેક ઈમારતો પડવાનાં વાંકે ઉભી હોય પરેશાની**



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા નગરપાલિકા તંત્રની પ્રિ–મોનસુન કામગીરીઓ માત્ર કાગળ પર જ કરી હોય ને સબ સલામતના પાલિકાના દાવાઓ વચ્ચે આજે બિસ્માર મકાનની દીવાલ ધરાશાઈ થતાં એક વાહનને નુકસાન થયેલ હતું ને સદનસીબે જાનહાનિ ટળી હતી. પણ હજુ બિસ્માર બિલ્ડિંગના એક ભાગની દીવાલ અડીખમ પડવાના વાંકે ઊભી હોય ત્યારે પાલિકા તંત્રની ધૃતરાષ્ટ્ર માફકની કામગીરીઓ સામે પાલિકાના જ સદસ્ય પુત્ર અને સામાજિક કાર્યકર સોહિલ શેખ દ્વારા પાલિકામાં અગાઉ આપેલી અરજીઓ હજુ પાલિકાના ટેબલો પર ધૂળ ખાતી હોવાની પ્રતીતિ વચ્ચે સાવરકુંડલાના જૂના બસ સ્ટેન્ડથી આઝાદ ચોક જવાના માર્ગ અને ખરીદ વેચાણ સંઘની સામે આવેલ એક ટ્રસ્ટની બિસ્માર મિલ્કત પડવાના વાંકે ઊભી હોય અને તેની સામે એક બે શટરવાળી દુકાનની મિલકત પણ પડવાના વાંકે રાહ જોતી હોય ને આજે દીવાલ ને કાટમાળ ધરાશાહી થયા બાદ પણ પાલિકા તંત્ર ત્યાં પહોંચવાની તસ્દી લેતા ન હોવાનો વસવસો આજુબાજુના સ્થાનિકો વ્યકત કરી રહ્યા હતા. ત્યારે જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલ બોગસ બિલ્ડિંગ પણ અતિ જર્જરીત બની ગયેલ હોય ને આવી સાવરકુંડલા શહેરમાં અનેક મિલ્કતો જર્જરીત હાલતમાં હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા ચોમાસા ટાઈમે નોટીસ આપીને સંતોષ માનીને કાગળ પર કામગીરીઓ બતાવી દે છે પણ નોટીસ આપ્યા બાદ કયારેય પાલિકા તંત્ર તસ્દી લેતું ના હોવાને કારણે આવી મિલ્કતો ગંભીર જાનહાનિ સર્જે તેવી દહેશત વચ્ચે આજે ટ્રસ્ટની માલિકીનું મકાન પડી ભાંગ્યું હતું ને એક બાજુમાં રાખેલ ફોર વ્હીલ વાહનને નુકસાની થયેલ હતી જયારે એક કેબિન ને પણ નુકસાની થયેલ હતી. ત્યારે પાલિકા તંત્ર સામે આવી જર્જરીત મિલ્કતો પ્રત્યેની નિષ્કાળજીને લઈને હજુ પણ ચોમાસાની શરૂઆતમાં નુકસાની થતી હોય તો આખા ચોમાસામાં અનેક આવી જર્જરીત મિલ્કતો નુકસાની ને જાનહાનિ સર્જે તેવી આશંકાઓ સોહિલ શેખે વ્યકત કરી છે ને પાલિકા તંત્ર દ્વારા નોટીસ બાદ જાતે આવી મિલ્કતોના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કયારે કરશે તેવો યક્ષ પ્રશ્ન શહેરીજનોને સતાવી રહ્યો છે ને પાલિકાના સદસ્ય પુત્ર સોહિલ શેખની અરજીઓ અને જાગૃતતા અંગે પણ પાલિકા તંત્ર હવે કયારે આળસ મરડીને બેઠું થાય તે જોવું રહ્યું !!

આ અંગે ચીફ ઓફિસરે જણાવેલ હતું કે, સાવરકુંડલા શહેરમાં પડતર અને જર્જરીત બિલ્ડિંગ મકાન હોય તેવા આસામીઓને નોટીસ પાઠવી દેવામાં આવી છે ને જે કોઈપણ આસામીઓની મિલ્કતો ઉતારી નહિ હોય કે ઘટતી કાર્યવાહી નહિ કરી હોય તેવા મિલકત ધારકો સામે પાલિકા તંત્ર કાયદેસર અને કડક કાર્યવાહી કરશે.

# દામનગરનાં બસ સ્ટેન્ડમાં આવતી બસમાં બોર્ડનાં ઠેકાણા નથી



દામનગર, તા. ૧૦

દામનગરના આધુનિક નવા બસ સ્ટેન્ડમાં બોર્ડ મોટા સમય સારણીમાં રૂટના નામ અધુરા... છે ને ડુંગર દૂરથી રળિયામણો..!! ગુજરાત સરકારનું સાહસ એવા ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમનાં દામનગર શહેરમાં નવું બસસ્ટેન્ડ તો બનાવ્યું... પણ સમય સારણીમાં અવર–જવર કરતી અમૂક રૂટોના તો નામ જ નથી. આ તે કેવો અધૂરો વિકાસ કે અહીંથી અન્ય ગામો કે શહેર તરફ જવા માટે પ્લેટફોર્મ ઉપર આવતી–જતી બસોનાં નામ જ નથી. બોલો અંદાજે રૂા. ૯૦ લાખનાં ખર્ચે બનાવેલ આ બસ સ્ટેન્ડમાં મુસાફરોને પૂરતી સેવાઓ મળે એવી રજૂઆત કરવામાં આવેલ છે.

### ગામજનોને રોજબરોજની અવરજવરને અસર

# લ્યો બોલો : બાબરાનાં તાઈવદરનાં નવા પુલનાં બાંધકામનું ડ્રાઈવર્ઝન ધોવાયું

**ગામજનોએ મજબૂત ડ્રાઈવર્ઝનની કરી માંગ**

બાબરા, તા. ૧૦

બાબરા તાલુકાના તાઈવદર ગામે કાલુભાર નદી ગામની વચ્ચે થઈ પસાર થાય છે. ત્યારે ચોમાસા દરમિયાન જુના અને નવા ગામના લોકોને નદી ઓળંગી પસાર થવાનું થાય છે જે ખુબજ મુશ્કેલીઓ ભર્યું છે. દવાખાના સહિત અન્ય ઈમરજન્સી સેવાઓમાં વાહન પણ સમયે નહીં આવી શકતા સ્થાનિક લોકોને વધુ હાલાકી ભોગવવાનો વારો આવે છે. ત્યારે બ્રિજ મંજૂર થતા તેનું બાંધકામ તો શરૂ કરવામાં આવ્યું પણ લોકોને પસાર થવા માટે પાણી ના વહેંણમાં માટી પુરી કાચું ડ્રાઈવર્ઝન બનાવવા આવ્યું હતું. જે હમણાં થોડા દિવસોમાં પેલા ગામમાં તેમજ ઉપરવાસમાં વરસાદના કારણે કાલુભાર નદીમાં પુર આવતા માટીનું બનાવેલું ડ્રાઈવરજનનું ધોવાણ થઈ જતા, હતી એજ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

ગામના લોકોએ સ્થાનિક તંત્રને રજૂઆત કરતા જણાવ્યું છે. જે અહીં ભૂંગળા નાખી પાકુ ડ્રાઈવર્ઝન બનાવવામાં આવે. જેથી ચોમાસામાં પાણીમાં પુર આવે તેમજ વરસાદ દરમિયાન લોકોને પસાર થવામાં કોઈ મુશ્કેલીઓ ન પડે હાલ પુરના ધસમસતા પાણીના પ્રવાહમાં લોકોને પસાર થવા માટે ફરજ પડી રહી છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## અનેક સ્થળોએ આશીર્વાદરૂપ તો અનેક જગ્યાએ પરેશાની ઉભી કરી

# અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે વ્યાપક વરસાદ

**જિલ્લાનાં મોટાભાગનાં જળાશયોનાં દરવાજાને ખોલવાની ફરજ પડી રહી છે**

**અમરેલીનાં પાદરમાં આવેલ વડી અને ઠેબી જળાશયમાં પણ નવા નીરની આવક**

**મોટાભાગનાં ચેકડેમો, તળાવો અને નદીઓમાં નવા નીરની ભરપૂર આવક**

**અનેક ગામોની ખેતીની જમીન ભારે વરસાદથી ધોવાઈ જતાં ખેડૂતોની મુશ્કેલી વધી**










અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં વરસાદી વાતાવરણ ફરી એક વખત જામેલ છે જેને લઈ જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ પંથકમાં ધીમીધારે વરસાદ પડયો હતો. તેમજ જાફરાબાદ શહેરમાં ધીમીધારે વરસાદ પડયાના અહેવાલ પ્રાપ્ત થયાં છે. આ ઉપરાંત અમરેલી, સાવરકુંડલા, ધારી, રાજુલા, લાઠી, બગસરા પંથકમાં દિવસભર વરસાદી ઝાપટાંઓ પડયા હતાં. જિલ્લાભરના તાલુકા મથકોએ હળવાથી ભારે વરસાદી ઝાપટાંઓ પડતાં જગતનો તાત ખુશખુશાલ જોવા મળે છે. આ વરસાદથી કપાસ, મગફળી, બાજરી સહિતના પાકને ફાયદા થશે.

બગસરા ગ્રામ્ય અને ધારી ગીરના ગામડાઓમાં પણ મેઘો મહેરબાન થયો હતો. ધારીના ચલાલા શહેર ઉપરાંત, જર, મોરજર, હુડલી, કથીવદર સહિતના ગામોમાં વરસાદ પડયાના સમાચાર મળી રહ્યા છે. આ ઉપરાંત બગસરા ગ્રામ્યના લૂંધીયા, સાપર, સુડાવડ સહિત વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. અવિરત વરસાદથી જિલ્લાભરમાં ઠંડુગાર વાતાવરણ જોવા મળી રહ્યું છે.

ખાંભા શહેરમાં ધોધમાર દોઢ ઈંચ જેટલો વરસાદ પડયાનું સ્થાનિક લોકો જણાવી રહયા છે. ખાંભા ગીરના ગામડાઓમાં અનરાધાર વરસાદ પડયો હતો તથા તાલુકાનાં કોદીયા, મોટા સરાકડીયા, પીપળવા, ચતુરી, ભાવરડી, ખડાધાર સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો. તો કોદીયા ગામમાં વરસાદથી બજારોમાં વરસાદી પાણી ભરાયા હતાં. જયારે ખડાધાર ગામની સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. અને ખાંભા પંથકના ગામડાઓમાં વરસાદને લઈ ખેતરો પાણીમાં તરબતર થયાં હતાં. ખાંભા ગીરના ગામડાઓમાં નદી-નાળાઓ છલકાયા છે.

જયારે દામનગર પંથકમાં ધોધમાર વરસાદ વરસતા દામનગરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં અને દામનગર શહેર પાણી પાણી થઈ ગયું હતું. દામનગર ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડયાંનું પણ જાણવા મળેલ છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના ખોડીયાણા ગામની ધાતરવડી નદીમાં ઘોડાપૂર આવતાં આ નદીમાં ત્રણ ભેંસો તણાઈ ગઈ હતી. જેમાં સ્થાનિક લોકોએ બે ભેંસને બચાવી લીધી હતી જયારે એકનું મોત નિપજયાંનું જાણવા મળેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ખોડીયાણાની ધાતરવડી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. ત્યારે મુકેશભાઈ રાતડિયા નામના માલધારી પોતાના માલઢોર લઈ અને નદી ઓળંગી રહયા હતાં તે વેળા તેમની ૩ ભેંસો ધાતરવડી નદીના વ્હેણમાં તણાઈ જતાં ખોડીયાણા ગામના સરપંચ, જિલ્લા પંચાયતના સભ્ય લાલભાઈ મોર સહિતના સ્થાનિકો દ્વારા ૨ ભેંસોને ધસમસતા પાણીમાં તણાય રહેલ બે ભેંસોને આબાદ બચાવી લેવાઈ જયારે એક ભેંસનું પૂરના પ્રવાહમાં મોત નિપજયું હતું. મુકેશભાઈ રાતડિયા નામના માલધારીની ભેંસ તણાઈ મોતને ભેટતા માલધારી ભાંગી પડયા હતાં.

**વડિયા-કુંકાવાવ**

વડીયા-કુંકાવાવ પંથકમાં બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો આવતાં વરસાદ શરૂ થતાં વડિયા પંથકમાં એક ઈંચ જેટલો વરસાદ પડયો

તાલુકાના ખાખરીયા, તોરી, રામપુર, સૂર્યપ્રતાપગઢ, અનીડા, ઉજળા સહિતના ગામોમાં ધોધમાર એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વડિયા મામલતદાર કચેરી ખાતે ૨૪ મીમી વરસાદ નોંધાયો.

વરસાદ બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા ધોધમાર વરસાદ શરૂ થતા ખેડૂતો સહિત લોકોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. વડિયા તાલુકાના, સૂર્યપ્રતાપગઢ, અનીડા, ઉજળા મોટી કુંકાવાવ સહિતના ગામોમાં ભારે વરસાદથી ગરમીમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

**દામનગર**

સમગ્ર ગુજરાત રાજયમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. સાથે -સાથે અમરેલી જિલ્લાના દામનગર શહેરમાં પણ આજે સોમવારે બપોર બાદ મેઘરાજા મન મુકીને વરસતા રહેતા અંદાજે બે ઈંચથી વધુ વરસાદ થયો છે. સાંજના સમયે પણ વરસાદ વરસવાનું શરૂ હતું.

### બાબરા નજીક આવેલ

## રાણપર ગામે અગાસી ઉપરથી પગ લપસી પડતા મહિલાનું ગંભીર ઈજાથી મોત

**અગાસીમાં સુકવેલ કપડા લેવા જતાં મહિલા પડી ગયા**

અમરેલી, તા. ૧૦

બાબરા તાલુકાનાં રાણપર ગામે રહેતા ધનબાઈબેન રવાજીભાઈ પરમાર નામનાં ૫૮ વર્ષિય મહિલા ગત તા. ૨૪/૬નાં રોજ સાંજના સમયે પોતાના ઘરની અગાસીમાં કપડા સુકવેલ હોય. ત્યારે વરસાદ આવતા તેઓ કપડા લેવા માટે અગાસીમાં ગયેલ. ત્યારે અચાનક જ પણ લપસી જતાં ફળીયામાં પડતા તેમને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ખોડિયાર જળાશયનો અનેરો નજારો



અમરેલી જિલ્લામાં સચરાચર વરસાદ થયાં બાદ ધારીના ખોડિયાર મંદિર પર કુદરતનો અદભુત નજારો હાલ જોવા મળી રહ્યો છે. જાણે કેનેડાના નાયગ્રાનો ધોધ આંખોને નયન રમ્ય કરી દે તેવો આહ્‌લાદક નજારો ધારીના ખોડિયાર મંદિરેથી જોવા મળી રહ્યો છે. ખોડિયાર મંદિરે હાલ શેત્રુંજી નદીમાં વ્હેતી ખળખળ નદીની ધારીના ખોડિયાર ડેમથી જે કુદરતી ઝરણાંઓ વહેતા હોય ત્યારે કુદરતે સોળે કળાએ ખીલેલા ધારીના ખોડિયાર ડેમને ચાર ચાંદ લગાવે તેવા અદ્‌ભુત કુદરતી ઝરણાંઓ વહી રહ્યા છે. તેને પર્યટકો પણ જોવા માટે દૂર દૂરથી આ વહેતા ઝરણાંઓ ખળખળ વહી રહ્યા તેનો લ્હાવો લેવા ઉમટી રહ્યા છે.

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS-Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

વ્રત નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
નમક વગરની મોળી
બટેટા વેફર્સ | કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૦૯૫૫

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
ફ્રી હેલ્મેટ
3+3 years warranty
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદે તબાહી મચાવી

# દેશના અનેક રાજ્યોમાં વરસાદી આફતથી ૫૦થી વધુનાં મોત

## દેશભરમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન, આભ ફાટવા, મકાન ધરાશાયી થવા, વૃક્ષો પડવા અને વીજળી પડવા જેવી ઘટનાઓથી ભારે તબાહી

નવી દિલ્હી, તા.૧૦

ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. હિમાચલ પ્રદેશ સહિતના પહાડી રાજ્યોને સૌથી વધુ નુકસાન થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન, આભ ફાટવા, મકાન ધરાશાયી થવા, વૃક્ષો પડવા અને વીજળી પડવા જેવી ઘટનાઓથી અત્યાર સુધીમાં લગભગ ૫૦ લોકોના મોત થઈ ચૂક્યા છે.

યમુના નદી ચેતવણીના સ્તરને પાર પહોંચવાની તૈયારીમાં છે. બપોરે ૨ વાગ્યે જૂના રેલવે બ્રિજ પર નદીનું જળસ્તર ૨૦૪.૮૮ મીટર નોંધાયું હતું. નદીનું જોખમ સ્તર ૨૦૫.૩૩ મીટર છે. બપોરે ૨ વાગ્યે હથનીકુંડ બેરેજમાંથી ૨,૧૩,૬૭૯ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હિમાચલ પ્રદેશના વિક્ટોરિયા બ્રિજ અને પંચવક્ત્ર મંદિરની આસપાસના મંડીના ભયાનક દ્રશ્યો જોવા મળ્યા હતા.ગુજરાતમાં સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૦૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના તલોદમાં અને મહીસાગરના લુણાવાડા સૌથી વધુ ૪-૪ ઈંચ વરસાદ વરસ્યો છે. હિમાચલ પ્રદેશમાં મોડી રાત્રે બચાવ કામગીરીમાં, ટીમે મંડી જિલ્લાના નાગવૈન ગામ નજીક બિયાસ નદીમાં વરસાદ પછી નદીના જળસ્તરમાં વધારો થવાને કારણે ફસાયેલા ૬ લોકોને બચાવ્યા. દેહરાદૂનના શિમલા બાયપાસ ચોક પાસે આવેલા રામગઢ ગામના. વીડિયોમાં વરસાદી નદીના ઝડપી વહેતા પાણીમાં ફસાયેલી બસમાંથી મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. હકીકતમાં, હિમાચલ રોડવેઝની ચંદીગઢથી હરિદ્વાર જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસ વરસાદી નદીમાં પાણી આવવાને કારણે ફસાઈ ગઈ હતી. બસમાં બેઠેલા મુસાફરોએ બસની છત પર ચઢીને અને પછી સલામત સ્થળે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. કસોલમાં રસ્તાના કિનારે હાઈવે પર વાહનો પાર્ક કરેલા હતા. આ દરમિયાન પાર્વતી નદીમાં પૂર આવ્યું હતું. લોકો કંઈ સમજે કે વાહનો હટાવે તે પહેલા ધમસમતા આવેલું નદીનું વહેણ તમામ વાહનોને ખેંચી ગયું હતું. આ જ રીતે મંડીમાં પૂરમાં કુલ્લુ-બંજાર-લુહરી-રામપુરાને જોડતો ૫૦ વર્ષ જૂનો પુલ પણ પાણીમાં વહી ગયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જ્યારે આ પુલ વહી રહ્યો હતો, ત્યારે લોકોની ચીસોની પણ અવાજો સંભળાઈ રહી છે.

પહાડોની સાથે મેદાની વિસ્તારોમાં પણ મેઘ તાંડવના દ્રશ્યો સામે આવ્યા છે. પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં પણ વરસાદે તબાહી મચાવી છે. ગુરુગ્રામની નજીકના વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા છે. દિલ્હીમાં મિન્ટો બ્રિજના અંડરપાસની નીચે પાણી ભરાઈ ગયું છે, જેના કારણે તેને બંધ કરી દેવામાં આવ્યો છે. તો પંજાબમાં વરસાદે કોઈ ઓછી તબાહી સર્જી નથી. વરસાદને કારણે ચંદીગઢની એક સોસાયટીમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે વહીવટીતંત્રને સોસાયટીની અંદર બોટ ચલાવવી પડી હતી.

મનાલીમાં ગુરુદ્વારા મણિકરણ સાહિબના દ્રશ્યો. પાણી મુખ્ય પુલ ઉપરથી ગુરુદ્વારા સાહિબમાં જાય છે.

ભારે વરસાદના કારણે શાળાઓ બંધ કરવી પડી હતી. સોમવારે દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ, હાપુડ અને ફરીદાબાદમાં શાળાઓ બંધ રહી. લુધિયાણામાં પણ વરસાદને કારણે શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

### નદીઓ ગાંડીતૂર, રસ્તા પાણીમાં ગરકાવ

# દેશભરમાં વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે

## ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે

નવી દિલ્હી, તા.૧૦

દેશભરમાં વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે. છેલ્લા કેટલાક દિવસોથી મુશળધાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. સોમવારે ૧૦ જુલાઈએ રાષ્ટ્રીય રાજધાનીમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદમાં ૧૫ ઈમારતો ધરાશાયી થઈ છે. અનેક સાંસદોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. દિલ્હીના ગાઝિયાબાદમાં આજે શાળાઓ બંધ રાખવામાં આવી છે. ગુરુગ્રામમાં વરસાદને કારણે લોકોની હાલત દયનીય છે. ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તેને જોતા પાંચ જિલ્લા દેહરાદૂન, ઉત્તરકાશી, નૈનીતાલ, અલ્મોડા અને ઉધમ સિંહ નગરમાં ધોરણ ૧ થી ૧૨ સુધીની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યા છે. ઉત્તરકાશી અને દેહરાદૂનમાં ૧૦ જુલાઈ, ૧૦ અને ૧૧ જુલાઈએ ઉધમ સિંહ નગર, અલ્મોડામાં ૧૦ થી ૧૨ જુલાઈ અને નૈનીતાલમાં ૧૦ થી ૧૩ જુલાઈ સુધી ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસમાં પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, આસામ અને મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને મણિપુરમાં ભારે વરસાદની આગાહી કરી છે.

ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થઈ શકે છે, જ્યારે ઝારખંડમાં ૧૦-૧૨ જુલાઈ વચ્ચે ભારે વરસાદ થવાની સંભાવના છે. સોમવારથી આંદામાન અને નિકોબાર ટાપુઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે અને બિહારમાં ૧૧-૧૩ જુલાઈ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની અપેક્ષા છે. ગુજરાતમાં શ્રીકાર વરસાદની સ્થિતિ છે. હાલ વરસાદે રાજ્યભરમાં જમાવટ કરી છે. રાજ્યમાં હાલ એક સાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય છે. જેના પગલે સતત ગુજરાતમાં સામાન્યથી ભારે વરસાદ પડી રહ્યો છે. તાજેતરના હવામાનના અપડેટની વાત કરીએ તો ફરી હવામાન વિભાગે હજુ આગામી ૨૪ કલાક ગુજરાતમાં વરસાદની આગાહી કરી છે.

### ગૃહિણીઓનું બજેટ બગડ્યું

# ગુજરાતમાં શાકભાજીના ભાવમાં કમરતોડ વધારો

## સિંહે કહ્યું કે હિમાચલ પ્રદેશ કોબી, કોબીજ અને કેપ્સિકમનો મુખ્ય સપ્લાયર છે, જે દિલ્હીથી અન્ય રાજ્યોમાં સપ્લાય કરે છે

નવી દિલ્હી, તા.૧૦

અત્યારે સમગ્ર દેશમાં ટામેટાના ભાવને લઈને હાહાકાર છે ત્યારે ગુજરાતમાં પણ ટામેટાથી લઈને અન્ય શાકભાજી પણ મોંઘા થઈ ગયા છે. શાકભાજીની આવક ઘટવાને લીધે ભાવ પર માઠી અસર પડી છે. આ ભાવ વધારાને કારણે ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી ગઈ છે.

સરકારે આશા વ્યક્ત કરી છે કે હિમાચલ પ્રદેશ જેવા પહાડી વિસ્તારોમાંથી ટામેટાં અને અન્ય શાકભાજીના આગમનને કારણે ભાવમાં તીવ્ર ઘટાડો થશે.

બીજી તરફ અમુક શાકભાજીના ભાવ ઘટવાને બદલે સ્થિર રહી શકે છે, પરંતુ હવે એવું થાય તેમ લાગતું નથી. કારણ કે હિમાચલ પ્રદેશ જેવા વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ છે, જેના કારણે શાકભાજીની લણણી અને માલની હેરફેરમાં અવરોધ આવી રહ્યો છે. આવી સ્થિતિમાં, શાકભાજી ખૂબ જ ઓછી માત્રામાં બજારમાં પહોંચી રહી છે. બેંગલુરુના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટિકલ્ચરલ રિસર્ચના ડાયરેક્ટર એસકે સિંહે જણાવ્યું કે ઉત્તર ભારતીય પહાડીઓમાં રેકોર્ડ વરસાદને કારણે આ અવરોધ સર્જાયો છે. આવી સ્થિતિમાં, ત્યાંથી આવતા શાકભાજીના ભાવમાં વધુ વધારો થઈ શકે છે, જેમાં કોબીજ, કોબીજ, કાકડી, પાંદડાવાળા ગ્રીન્સ અને કેપ્સિકમ જેવા શાકભાજીનો સમાવેશ થાય છે. એસ.કે. સિંહે કહ્યું કે પાણી ભરાવાને કારણે વાઈરસ અને મરડો પાકને સડી જશે, જેના કારણે ભાવમાં વધુ વધારો થઈ શકે છે. સિંહે કહ્યું કે હિમાચલ પ્રદેશ કોબી, કોબીજ અને કેપ્સિકમનો મુખ્ય સપ્લાયર છે, જે દિલ્હીથી અન્ય રાજ્યોમાં સપ્લાય કરે છે. આ કારણોસર લોકો શાકભાજીને બદલે કઠોળ ખાવાનું પસંદ કરી રહ્યા છે, જેના કારણે શાકભાજીના ભાવમાં વધુ વધારો થઈ શકે છે. તે જ સમયે, ભૂસ્ખલનને કારણે ઘણા મુખ્ય રસ્તાઓ બંધ થવાને કારણે, પર્વતોથી મેદાનો તરફ ફળો અને શાકભાજીનું પરિવહન બંધ થઈ ગયું છે.

### ગુજરાતમાં શાકભાજીના ભાવમાં

નવી દિલ્હી, તા.૧૦

અત્યારે સમગ્ર દેશમાં ટામેટાના ભાવને લઈને હાહાકાર છે ત્યારે ગુજરાતમાં પણ ટામેટાથી લઈને અન્ય શાકભાજી પણ મોંઘા થઈ ગયા છે. શાકભાજીની આવક ઘટવાને લીધે ભાવ પર માઠી અસર પડી છે. આ ભાવ વધારાને કારણે ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી ગઈ છે. સરકારે આશા વ્યક્ત કરી છે કે હિમાચલ પ્રદેશ જેવા પહાડી વિસ્તારોમાંથી ટામેટાં અને અન્ય શાકભાજીના આગમનને કારણે ભાવમાં તીવ્ર ઘટાડો થશે. બીજી તરફ અમુક શાકભાજીના ભાવ ઘટવાને બદલે સ્થિર રહી શકે છે, પરંતુ હવે એવું થાય તેમ લાગતું નથી. ગુજરાતમાં શાકભાજીના ભાવમાં વધારો નીચે મુજબ છે.

- કોથમીર પહેલા ૧૬૦ રૂપિયે કિલો અત્યારે ૨૦૦
- મરચા પહેલા ૮૦ અત્યારે ૧૨૦ રૂપિયા
- આદુ પહેલા ૨૪૦ અને અત્યારે ૩૨૦
- મેથી પહેલા ૧૨૦ અત્યારે ૨૦૦ રૂપિયા
- પાલક પહેલા ૬૦ અત્યારે ૧૨૦
- તુરીયા પહેલા ૧૨૦ અત્યારે ૧૫૦
- ભીંડા પહેલા ૬૦ અત્યારે ૧૦૦
- પરવર પહેલા ૬૦ અત્યારે ૧૦૦ રૂપિયા
- ફ્લાવર પહેલા ૮૦ અત્યારે ૧૨૦
- કેપ્સીકમ પહેલા ૮૦ રૂપિયા અત્યારે ૧૬૦ રૂપિયા
- હજુ પણ શાકભાજીના ભાવમાં વધારો થઈ શકે છે

### કેન્દ્ર સરકારના વટહુકમ મામલે સુપ્રીમનો ચુકાદો

# દિલ્હી અંગે વટહુકમ મામલે કેન્દ્રને સુપ્રીમની નોટિસ, કેજરીને રાહત

## દિલ્હી સરકારને ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવા માટેની અરજીમાં સુધારો કરવાની મંજુરી અપાઈ

નવી દિલ્હી, તા.૧૦

આજે સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં કેન્દ્ર સરકારના વટહુકમ મામલે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કેન્દ્ર સરકારના વટહુકમ વિરુદ્ધ દિલ્હી સરકારની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી છે. કોર્ટે દિલ્હીમાં લવાયેલા વટહુકમ મામલે કેન્દ્ર સરકારને ર અઠવાડિયામાં જવાબ રજુ કરવા આદેશ કર્યો છે. ઉપરાંત ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવાની અરજીમાં સુધારો કરવાની પણ મંજૂરી આપી છે. ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે આ અરજી પર સુનાવણી કરી છે, જેમાં જસ્ટિસ પી.એસ.નરસિમ્હા પણ આ ખંડપીઠનો એક ભાગ હતા.

દિલ્હી સરકાર તરફથી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી કોર્ટમાં હાજર રહ્યા હતા. તેમણે કોર્ટમાં કહ્યું કે, તેઓ દિલ્હી સરકાર તરફથી દલીલો રજુ કરી રહ્યા છે. વટહુકમ મામલે લાંબી ચર્ચા બાદ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ જારી કરી બે સપ્તાહમાં જવાબ રજુ કરવા જણાવ્યું છે. દિલ્હી સરકારને ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવા માટેની અરજીમાં સુધારો કરવાની પણ મંજુરી અપાઈ છે. દિલ્હી સરકારે વટહુકમ પર સ્ટે મૂકવાની માંગ કરી હતી.

દિલ્હીમાં ચૂંટાયેલી સરકારને લાંબી લડાઈ બાદ એડમિનિસ્ટ્રેશન સર્વિસિઝનો અધિકાર મળ્યો હતો. જોકે કેન્દ્ર સરકારે વટહુકમ લાવી દિલ્હી સરકાર પાસેથી આ અધિકાર પરત લઈ લીધો... કેન્દ્ર સરકારે ૧૯મી મેએ વટહુકમ (ગવર્નમેન્ટ ઑફ નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી (સુધારા) વટહુકમ, ૨૦૨૩) દ્વારા એક ઓથોરિટી બનાવી, જે ગ્રુપ-એ અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગ કરશે. કેન્દ્ર સરકારના આ વલણને દિલ્હી સરકારે છેતરપિંડી કહી હતી.

અરવિંદ કેજરીવાલ સરકાર દ્વારા કોર્ટમાં અરજી કરાઈ હતી, જેમાં વટહુકમને 'કાર્યકારી આદેશનો ગેરબંધારણીય અભ્યાસ' કહ્યો હતો. દલીલ કરાઈ હતી કે, આ બંધારણના મૂળભૂત માળખાને 'ઓવરરાઈડ' કરવાનો પ્રયાસ છે. દિલ્હી સરકારે વટહુકમ પર વચગાળાના સ્ટેની માંગણી કરી હતી.

### રામમંદિર ટેક્નોલોજીની દ્રષ્ટીએ પણ અવ્વલ

# કુદરતી આફતો સામે રામમંદિર ૧૦૦૦ વર્ષ સુધી અડગ રહેશે

અયોધ્યા, તા.૧૦

શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં નિર્માણાધીન રામ મંદિર માત્ર ભવ્યતા જ નહીં પરંતુ ટેકનોલોજીની દ્રષ્ટિએ પણ ટોચ પર રહેશે.

રામ મંદિરના નિર્માણ માટે કાર્યકારી સંસ્થાના એન્જિનિયરોએ દાવો કર્યો છે કે રામ મંદિર ૮.૦ રિક્ટર સ્કેલની તીવ્રતાના ભૂકંપ સામે પણ સુરક્ષિત રહેશે.

મંદિરને કુદરતી આફતોથી બચાવવા માટે ખાસ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના કારણે રામ મંદિર ઓછામાં ઓછા એક હજાર વર્ષ સુધી અડગ રહેશે. મંદિરના નિર્માણમાં ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

એક્ઝિક્યુટિવ બોડી એક એન્જિનિયરે કહ્યું કે રામ મંદિરનો પાયો ભૂકંપ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે. સીબીઆરઆઈ રૂરકી અને ચેન્નઈના વૈજ્ઞાનિકોએ રામ મંદિરને ભૂકંપ પ્રૂફ બનાવવા માટે વિશેષ સંશોધન કર્યું છે.

રામ મંદિરને એક સુરક્ષિત માળખું જાહેર કરવામાં આવ્યું છે જે આઠ રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાનો સામનો કરી શકે છે. આ મંદિર ૭૦ ફૂટ ઊંડા પથ્થરોના ખડક પર આકાર લઈ રહ્યું છે.

મંદિરના પાયામાં કર્ણાટકના ગ્રેનાઈટ પત્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે પાણીના પ્રવાહને સહન કરવાની ક્ષમતા ધરાવે છે. મંદિરના નિર્માણમાં દેશની આઠ જાણીતી ટેકનિકલ એજન્સીઓની મદદ લેવામાં આવી છે. મંદિરનો પાયો લગભગ ૫૦ ફૂટ ઊંડો છે. તેની ઉપર ૨.૫ ફૂટનો રાફ્ટ બનાવવામાં આવ્યો છે. રાફ્ટની ઉપર ૨૧ ફૂટ ઉંચો પ્લિન્થ બનાવવામાં આવ્યો છે. મંદિર પ્લીન્થ ઉપર આકાર લઈ રહ્યું છે.

### વેદાન્તા સાથેના કરારને તોડવાની જાહેરાત

# ગુજરાત સરકારને મોટો ફટકો, દિગ્ગજ કંપનીએ હાથ પાછા ખેંચ્યા

## વેદાંતા અને ફોક્સકોને મળીને ગુજરાતમાં $૧૯.૫ બિલિયનના રોકાણ સાથે સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી હતી

અમદાવાદ, તા.૧૦

ભારત ઈલેક્ટ્રિક વાહનો અને અન્ય ચીજવસ્તુના ઉપયોગમાં લેવામાં આવતા સેમિકન્ડક્ટરની દિશામાં હરણફાળ ભરવા માંગે છે. પરંતુ ભારત સરકારના આ સપનાને બ્રેક લાગી છે. મેકન્ડક્ટરની મેન્યુફેક્ચરિંગ કંપની ફોક્સકોને ભારતમાં સેમિકન્ડક્ટર બનાવવા માટે વેન્ડાટા સાથેના કરારને તોડવાની જાહેરાત કરી છે. આ સાથે ગુજરાતને પણ ઝાટકો લાગ્યો છે.

જાહેર છે કે, ગયા વર્ષે વેદાંતા અને ફોક્સકોને મળીને ગુજરાતમાં ઈ૧૯.૫ બિલિયનના રોકાણ સાથે સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી હતી. જેને લઈને ગુજરાત સરકારને ભારે આવક અને મોટા પ્રમાણમાં લોકોને રોજગારી મળવાની આશા સેવાઈ હતી. ફોક્સકોનના નિર્ણયથી ભારત સરકારની સાથ ગુજરાત સરકારને પણ ફટકો પડ્યો છે. ફોક્સકોને એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, ફોક્સકોન વેદાંતની સંપૂર્ણ માલિકી હક ધરાવતી કંપનીએ પોતાનું નામ હટાવવાની દિશામાં કામ કરી રહી છે. ફોક્સકોને કહ્યું હતું કે, કંપનીએ વેદાંત સાથેના સંયુક્ત સાહસમાં આગળ ન વધવાનો નિર્ણય કર્યો છે.

હજી ગયા વર્ષે જ જ્યારે વેદાંત તરફથી ખુલાસો આવ્યો ત્યારે એવું લાગ્યું કે તે પ્રોજેક્ટ ચલાવી રહી છે. બાદમાં કંપનીએ સ્પષ્ટતા કરી કે, તે વલ્કન ઈવેન્ટ પ્રોજેક્ટને આગળ લઈ રહી છે. ગયા અઠવાડિયે, શેરબજારના નિયમનકાર સેબીએ વેદાંતને દંડ ફટકારવાની જાહેરાત કરી હતી.

સેબીએ જણાવ્યું હતું કે, કંપની દ્વારા એવું દેખાડવામાં આવ્યું હતું કે, કંપનીએ ફોક્સકોન સાથે ભાગીદારી કરી છે જે નિયમોનું ઉલ્લંઘન છે. ગત શુક્રવારે વેદાંતે કહ્યું હતું કે, તે જોઈન્ટ વેંચરની હોલ્ડિંગ કંપનીને હસ્તગત કરશે જેણે સેમિકન્ડક્ટર બનાવવા માટે ફોક્સકોન સાથે જોડાણ કર્યું હતું. કંપનીએ કહ્યું હતું કે, તે વલ્કન ઈન્વેસ્ટમેન્ટ્સ પાસેથી ડિસ્પ્લે ગ્રાસ મેન્યુફેક્ચરિંગ વેન્ચર પણ હસ્તગત કરશે. ગયા વર્ષે અનિલ અગ્રવાલની વેદાંતાએ ફોક્સકોન સાથે મળીને ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ સ્થાપવાનું નક્કી કર્યું હતું.

વેદાંતા જૂથને સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા માટે ગુજરાત સરકાર તરફથી નાણાકીય અને બિન-નાણાકીય સબસિડી જેમાં કેપિટલ એક્સપેંડિચર (મૂડી ખર્ચ) ઉપરાંત સસ્તી વીજળી પૂરી પાડવાની મંજૂરી પણ આપવામાં આવી હતી.

ફોક્સકોને કહ્યું હતું કે, કંપનીને ભારતની સેમિકન્ડક્ટર ડેવલપમેન્ટ પ્લાનની દિશા પર સંપૂર્ણ વિશ્વાસ છે. અને કંપની ભારત સરકારના મેક ઈન ઈન્ડિયા લક્ષ્યોને સંપૂર્ણ સમર્થન આપે છે અને સ્થાનિક ભાગીદારી દ્વારા હિતધારકોની જરૂરિયાતોને પૂરી કરશે.

### પંચાયત ચૂંટણીમાં થયેલી હિંસા બાદ રાજકારણ ગરમાયું

# પ.બંગાળની ચૂંટણીઓની હિંસા સહન ન કરી શકાય : દિગ્વિજયસિંહ

## હું મુખ્યમંત્રી મમતા બેનરજીનો પ્રશંસક રહ્યો છું પરંતુ વર્તમાન સ્થિતિ લોકતંત્ર માટે સારી નથી : કોંગ્રેસના નેતા

નવી દિલ્હી, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી દરમિયાન થયેલી હિંસા બાદ રાજકારણ ગરમાયું છે. આ વચ્ચે હવે કોંગ્રેસના નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનું નિવેદન સામે આવ્યું છે. સોમવારેઆ મુદ્દે બોલતા દિગ્વિજય સિંહે કહ્યું કે આવી ઘટનાઓને સહન ન કરી શકાય. તેમણે કહ્યું, હું મુખ્યમંત્રી મમતા બેનરજીનો પ્રશંસક રહ્યો છું પરંતુ વર્તમાન પરિસ્થિતિ આપણા લોકતંત્ર માટે સારી નથી.

દિગ્વિજય સિંહનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર ૬૯૭ બૂથ પર ચૂંટણી યોજાવા જઈ રહી છે. પશ્ચિમ બંગાળના જિલ્લાઓમાં જે જિલ્લાઓમાં પુનઃ મતદાનની ઘોષણા કરવામાં આવી તેમાં સૌથી વધુ મુર્શિદાબાદમાં બૂથ છે. ત્યારબાદ માલદામાં ૧૧૨ બૂથ છે. હિંસાગ્રસ્ત નાદિયામાં ૮૯ બૂથ પર ફરીથી મતદાન યોજાશે. જ્યારે ૨૪ પરગણા જિલ્લાઓ અને અન્ય સ્થળોએ ૪૬ અને ૩૬ બૂથ પર ફરીથી મતદાન યોજાશે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે ટ્વીટમાં લખ્યું છે કે, પંચાયત ચૂંટણીને લઈને બંગાળમાં જે થઈ રહ્યું છે તે ડરામણું છે, હું મમતા બેનર્જીના ધૈર્ય અને સંકલ્પનો પ્રશંસક છું પરંતુ જે થઈ રહ્યું છે તે સહન કરી શકાય તેમ નથી. અમે જાણીએ છીએ કે તમે સીપીએમ શાસનમાં આવી જ પરિસ્થિતિનો બહાદુરીથી સામનો કર્યો હતો પરંતુ અત્યારે જે થઈ રહ્યું છે તે આપણા લોકતંત્ર માટે સારું નથી. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ શનિવારે મતદાન દરમિયાન થયેલી હિંસક અથડામણો માટે ટીએમસીની આકરી ટીકા કરી હતી. સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળની પંચાયત ચૂંટણીમાં જે રીતે લોકો લોકશાહીની હત્યા જોઈ રહ્યા છે. લોકોને પોતાના લોકતાંત્રિક અધિકારીનો દાવો કરવા માટે મારી નાખવામાં આવે છે. કોંગ્રેસ આ જ ટીએમસી સાથે હાથ મિલાવી રહી છે.

### સ્થાનિક શેરબજારમાં ઘણા ઉતાર-ચઢાવ

# સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો રિલાયન્સ ૪%ના ઉછાળા સાથે બંધ

## સેન્સેક્સમાં ૭૪, નિફ્ટીમાં 33 પોઈન્ટનો વધારો, ટાટા સ્ટીલ-જેએસડબલ્યુ સ્ટીલના શેર પણ ઉછાળા સાથે બંધ

મુંબઈ, તા.૧૦

સ્થાનિક શેરબજારો આજે તેજી સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૬૩.૭૨ પોઈન્ટ એટલે કે ૦.૧૦ ટકાના વધારા સાથે ૬૫,૩૪૪.૧૭ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. તેવી જ રીતે,નિફ્ટી ૩૩.૪૫ પોઈન્ટ એટલે કે ૦.૧૭%ના વધારા સાથે તે ૧૯,૩૬૫.૨૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર નિફ્ટીમાં ૩.૯૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ટાટા સ્ટીલ અને જેએસડબલ્યુ સ્ટીલના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા. મેટલ સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાન સાથે બંધ થયા છે. મેટલ ઈન્ડેક્સ ૧.૮ ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સ ૦.૪૫ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા ઘટીને બંધ થયા છે.

સેન્સેક્સ પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર આજે ૩.૭૮ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. એ જ રીતે ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, સન ફાર્મા, ઈન્ડસઈન્ડ બેંક, કોટક મહિન્દ્રા બેંક, આઈસીઆઈસીઆઈબેંક, ટાટા મોટર્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર લીલા નિશાન સાથે બંધ થયા હતા.

એચસીએલટેક સેન્સેક્સ પર ૨.૯૪ ટકાના નુકસાન સાથે સૌથી વધુ બંધ રહ્યો હતો. તેવી જ રીતે, ટાઈટન ૨.૯૧%, પાવરગ્રીડ ૨.૧૧%, વિપ્રો ૧.૫૩%, ટીસીએસ ૧.૫૨%, એચયુએલ ૧.૪૬%, એક્સિસ બેંક ૧.૩૬%, નેસ્લે ઈન્ડિયા ૧.૧૫%, બજાજ ફાઈનાન્સ ૦.૯૬%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૯૬% અને ફાઈનાન્સમાં ૦.૯૬% ટકા જેટલો ઘટાડો થયો છે. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે એકંદરે ભારતીય શેરબજારમાં નબળાઈ જોવા મળી હતી, પરંતુ મુખ્ય શેરોમાં મજબૂત ખરીદીને કારણે શેરબજારો નજીવા વધારા સાથે બંધ થયા હતા. સૌથી વધુ નબળાઈ આઈટીસેક્ટરમાં જોવા મળી હતી કારણ કે કંપનીઓની રિઝલ્ટ સિઝન શરૂ થવાની છે અને એવું માનવામાં આવે છે કે આઈટીસેક્ટરની કમાણીના આંકડા બહુ ઊંચા નહીં આવે.

### રાજ્યમાં જામ્યો વરસાદી માહોલ

# ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૪૫ તાલુકામાં મેઘમહેર

## બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ખેડા, દાહોદમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે


અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ બરાબર જામ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેહુલિયો જાણી મનમૂકીને વરસી રહ્યો છે. આ સાથે હવામાન વિભાગ તરફથી આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાજ્યના તમામ જિલ્લામાં વરસાદની આગાહી છે. પરંતુ આણંદ અને ભરૂચમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ખેડા, દાહોદમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગરના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

સૌથી વધુ પાટણના સાંતલપુરમાં સાડા છ ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજકોટના કોટડાસાંગાણીમાં છ ઈંચ અને ગાંધીનગરના માણસમાં છ ઈંચ વરસાદ પડ્યો છે. ૧૩ તાલુકામાં દોઢ ઈંચથી વધુ અને ૩૦ તાલુકામાં એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે.

# અમરેલી જિલ્લામાં ડીઝલ અને કેરોસીન વેટ રાહત યોજના અંતર્ગત માચ્છીમારોને રૂા. ૩૩૧.૦૫ લાખની વેટ રાહત






ગુજરાત રાજયને ૧,૬૦૦ કિમી લાંબો દરિયા કિનારાનું વરદાન પ્રાપ્ત થયું છે. જેમાંથી અમરેલી જિલ્લો ૬૨ કિમીનો દરિયા કિનારો ધરાવે છે. અમરેલી જિલ્લામાં જાફરાબાદ, ધારાબંદર, શિયાળબેટ તથા ચાંચબંદર આમ કુલ મળી ૪ મત્સ્ય બંદરોનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લામાં દરિયાઈ મત્સ્યોદ્યોગ, આંતરદેશીય મત્સ્યોદ્યોગ તેમજ ભાંભરા પાણીના મત્સ્યોદ્યોગનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લાનું જાફરાબાદ બંદર, એ તેની 'બોમ્બે ડક(બુમલા) માછલીની માછીમારી માટે સમગ્ર ગુજરાતમાં જાણીતું છે. પ્રતિવર્ષ ૧૦મી જુલાઈ રાષ્ટ્રીય મત્સ્યપાલક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે માછીમારી માટે મહત્તા ધરાવતા અમરેલી જિલ્લાના માચ્છીમારોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકએ જણાવ્યું કે, અમરેલી જિલ્લા કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જાફરાબાદ, શિયાળબેટ, ચાંચબંદર, નવાબંદર, સૈયદ રાજપરા તથા સિમર મત્સ્ય બંદરો/ઉતરણ કેન્દ્ર ખાતે નાની અને મોટી ૧,૭૦૬ જેટલી માછીમારી બોટો નોંધાયેલી છે. અમરેલી જિલ્લામાં ૩૩ જળાશયો છે. જેમાં સરકારના પ્રર્વતમાન નિયમો અનુસાર ઈજારા પેટે આપવામાં આવે છે. 'ડીઝલ વેટ રાહત યોજના' તથા ' કેરોસીન વેટ' રાહત યોજના અંતર્ગત માછીમારોને રૂા.૩૩૧.૦૫ લાખ વેટ રાહત ચૂકવવામાં આવી છે. મત્સ્યદ્યોગ ખાતા દ્વારા માચ્છીમારોને વિવિધ પ્રકારની યોજનાકીય સહાયોનું ચૂકવણું કરવામાં આવે છે. જેમ કે, પગડીયા સહાય, જી.પી.એસ સહાય, નવા એન્જીન ખરીદવા, નવા આઈસ પ્લાન્ટ, માછલી સપ્લાય કરવા રેફ્રીજરેટેડ વાન, ઓબીએમ/ આઈબીએમ, પોલી પ્રોપોલીન રોપ, જમ્બો પ્લાસ્ટીક ક્રેટ, લાઈફ સેવિંગ જેકેટ અને ડીપ ફ્રીઝર જેવી વિવિધ યોજનાઓમાં કુલ ૧૫૦ માચ્છીમારી બોટોને રૂા. ૮૮.૮૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માચ્છીમાર કિસાન ક્રેડિટ કાર્ડ સ્વરૂપે અત્યાર સુધીમાં ૩૪૨ માચ્છીમાર બોટ માલિકોને રૂા. ૮૬૦.૧૦ લાખની લોન મંજૂર કરવામાં આવી છે. માચ્છીમાર જૂથ અકસ્માત યોજના અતર્ગત ૦૮ મૃત્તક માછીમારના વારસદારોને રૂા.૧૬.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. અમરેલી જિલ્લામાં માછીમાર સહાયો પૈકી રૂા.૧૨૯૬.૦૨ લાખની સહાયો ગુજરાત રાજય સરકારના મત્સ્યોદ્યોગ ખાતા મારફત મંજૂર કરવામાં આવી છે. જિલ્લામાં થયેલ અન્ય ઉત્કૃષ્ટ અને પ્રોત્સાહક કામગીરીની તાઉતે વાવાઝોડા દરમ્યાન મત્સ્યો બંદરો ઉપર મોટા પ્રમાણમાં નુકશાન થયું હતુ. જે અનુસંધાને જાફરાબાદ ખાતે જેટીના સમારકામ તથા નવી જેટીના બાંધકામ માટે સરકાર દ્વારા રૂા.૧૧.૪૦ કરોડના ખર્ચે હાલ કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે. જેનું આશરે ૨૦ ટકા જેટલુ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જયારે શિયાળ બેટની જેટી અને બોટ પાર્કીંગ વ્યવસ્થા માટેની કામગીરી ટૂંક સમયમા શરૂ કરવામાં આવશે. ગુજરાત રાજયના ૧૦ મોટા બંદરોમાં જાફરાબાદ બંદરનો સમાવેશ કરવામાં આવે છે. તેમજ આ સમગ્ર વિસ્તારને ડ્રાઈફિશીંગ ઝોન તરીકે ઓળખવામાં આવે છે. જિલ્લામાં રહેલા આ રીસોર્સીસ થકી સરકારને આવક થાય છે. જેમાં જળાશય ઈજારા રકમ પેટે કુલ રૂા.૧૧૦.૭૯ લાખ તથા ફિશીંગ લાયસન્સ ફી, ફિશીંગ બોટ વેરિફિકેશન તથા મત્સ્ય બીજ પેટે રૂા.૮.૪૭ લાખ સહિત કુલ મળી ચાલુ વર્ષમાં રૂા.૧૧૯.૨૬ લાખની આવક સરકારને થઈ છે. મત્સ્યોદ્યોગની સહાયો મેળવવા માટે માચ્છીમારોએ મત્સ્યોદ્યોગના વિવિધ પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરવાથી સહાયની રકમ માચ્છીમારોના બેંક ખાતામાં સીધી જ જમા કરવામાં આવી રહી છે. હાલ મત્સ્યોદ્યોગ દ્વારા માચ્છીમારોને અપાતા ફિશીંગમાં જવાના ટોકન, ડીઝલ સબસીડી તથા માચ્છીમારીમાં ઉપયોગી સાધનોની સહાય તથા ફિશીંગ બોટના રજીસ્ટ્રેશન, લાયસન્સ જેવી તમામ સુવિધાઓ ઓનલાઈન માધ્યમથી માચ્છીમારોને પૂરી પાડવામાં આવી રહી છે. તેમ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકએ વધુમાં જણાવ્યુ હતુ.

## દામનગરની જનતા આખલા અને ખાડાથી પરેશાન


દામનગર: રાભડા રોડ ચોકડી.



દામનગરની જનતા આખલા અને ખાડાઓથી પરેશાન... સત્તાધીશો ખુશ..!! સબ સલામતનાં દાવા...રોડ પરનાં ખાડાઓ અને રખડતા આખલાઓ દામનગર શહેરની શાન અને ગૌરવ વધારી રહ્યાં છે. એટલે ડબલ એન્જિન સરકારે નગરપાલિકાને બેસ્ટ એવોર્ડ આપવો જોઈએ...!! દામનગર શહેરમાં આવેલ અજમેરા શોપિંગ સેન્ટરની સામેનો અને રાભડા રોડ ચોકડીના છે... સત્તાધીશો–જનતા અને સમસ્યાઓનો સરવાળો એટલે વાયબ્રન્ટ ગુજરાત... તાળીઓ પાડીને વખાણ ન કરાય...

### સતત વરસાદથી કાચા મકાનો પર જોખમ

## સા.કુંડલાનાં આંબરડી ગામે વરસાદથી રહેણાંક મકાન ધરાશાયી

### ગરીબ પરિવાર નિરાધાર બન્યો



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા તાલુકામાં અવિરત મેઘ મહેરથી કાચા મકાનો ધરાશાઈ થવાની ઘટના સાવરકુંડલાનાં આંબરડી ગામે ઘટી હતી. અવિરત વરસાદથી એક રહેણાંકી મકાન ધરાશાઈ થયું હતું. આંબરડી ગામે રહેતા મસ્જિદભાઈ અબ્દુલભાઈ શેખડાનું મકાન ઢળતી સંધ્યાએ ધરાશાઈ થતાં ઘરવખરી દબાઈ હતી ને ઘરનો પટારો અને માલ સામાન દબાઈ જતાં ગરીબ પરિવારને નુકશાની થયેલ હતી. સદ્‌નસીબે મકાનમાં કોઈ ના હોવાથી જાનહાનિ ટળી હતી. પણ કાચું નળિયાવાળું મકાન ધરાશાઈ થતાં ગરીબ ઘર વિહોણા થયાનો વસવસો જોવા મળી રહ્યો હતો. જયારે કાચું મકાન પડી ભાંગતા આસપાસ અને પરિજનો દ્વારા ઈંટો અને કાટમાળ ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે શહેરી વિસ્તારોમાં પણ હજી જર્જરીત મિલકતો અડિખમ ઉભી હોય ને પડવાની રાહ જોતી હોય ત્યારે ચોમાસાનાં પ્રારંભે ગ્રામીણ ગામડાઓમાં કાચા મકાન પડવાની ઘટના ઘટી હતી. ત્યારે સાવરકુંડલા શહેરમાં પણ જુનવાણી મકાન પડવાની ઘટના ઘટી હતી.

## સાવરકુંડલાનાં પાદરમાં સિંહોનું ટોળું બિરાજમાન



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાનાં અમરેલી રોડ પર ૪ સિંહોનું ટોળું સ્ટેટ હાઈવે પર આવી ચડયું હતું ને વાહન ચાલકોએ મફતમાં સિંહ દર્શનની મજા માણી હતી. ડાલામથ્થા સિંહ સાથે સિંહણ અને બે સિંહબાળ સાવરકુંડલા શહેરની ભાગોળે સિંહ પરિવારનાં સતત ધામા જોવા મળી રહ્યા છે. ત્યારે આજ માર્ગ પર સિંહ પરિવારની નજીક મોજ ૧ દસેક ફૂટ અજગરે સ્ટેટ હાઈવેનો રસ્તો ક્રોસ કર્યો હતો. ત્યારે સિંહો અને અજગરનું આશ્રય સ્થાન બની ગયેલ સાવરકુંડલાનો અમરેલી રોડ સિંહ દર્શનાર્થીઓ માટે આશીર્વાદરૂપ બન્યું હોય તેમ અવારનવાર સિંહ પરિવાર આ માર્ગ પર દર્શન આપી રહ્યાં છે.

### ડાયમંડ પ્રમુખ લલિત ઠુંમરની માંગ

## અમરેલી પીજીવીસીએલના ફોલ્ટ સેન્ટરમાં વ્યવસ્થામાં વધારો કરો

### ઝડપથી ફોલ્ટ દુર કરવો જરૂરી

અમરેલી, તા. ૧૦

અમરેલી શહેરની અંદર લાઈટ જાય તો ફોલ્ટ લખાવવા માટે પીજીવીસીએલ કંપનીની એક જ ફોલ્ટ ઓફિસ આવેલી છે જેમની અંદર એક લેન્ડલાઈન નંબર તથા એક જ મોબાઈલ નંબર ઉપર એક જ વ્યકિત રિસીવ કરે છે. જેને લઈ અમરેલીના શહેરમાં વસતા દોઢ લાખ લોકો ફોલ્ટ લખાવવા માટે ફોન કરે તો ૩૦ મિનિટે પણ ફોલ્ટ લખાવવાનું વારો આવતો નથી.અમરેલી શહેરની અંદર લાઈટ જાય તો ફોલ્ટ લખાવવા માટે લોકો ફરિયાદ કરવા માટે સતત લાઈનમાં રહેવું પડે છે તો પીજીવીસીએલ કંપનીના અધિકારીઓ આ બાબતે યોગ્ય નિર્ણય કરી ફોલ્ટ ઓફિસમાં એક વ્યકિતના બદલે બે વ્યકિતને જવાબદારી આપે અને ફોલ્ટ લખવા માટે વધુ બે મોબાઈલ નંબરનો વધારો કરે જેથી અમરેલીના લોકોને તકલીફ ન થાય તેમ અમરેલી જિલ્લા ડાયમંડ એશોસિયેશનના પ્રમુખ લલિત ઠુંમર માંગ કરી છે.

## ઉનાનાં સીમર ગામે વરસતા વરસાદમાં ખાનગી બસનાં ડ્રાઈવરે બેફીકરાઈથી બસ ચલાવતા વીજપોલ ધરાશાઈ





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૧૦

ઉનાના સીમર ગામે એક ખાનગી ટ્રાવેલ્સ બસના ડ્રાઈવરે બેફીકરાઈથી બસ ચલાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા વીજપોલ સાથે રીવર્સમાં બસ અથડાવતા વીજપોલ વાયર સાથે ધરાશાઈ થયો હતો. જેને લઈને રસ્તા પરથી પસાર થતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

ઉનાના સીમર ગામે એક ખાનગી ટ્રાવેલ્સ બસના ડ્રાઈવરે બેફીકરાઈથી બસ ચલાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બસ રીવર્સમાં વીજપોલ સાથે ધડાકાભેર અથડાતા વીજપોલ વાયર સાથે ધરાશાઈ થઈ હતી. જેને લઈ રસ્તા પર જ જીવતા વાયરો પડયા હતા. ઘટનાને લઈ બસ ચાલક નાસી છૂટ્યો હતો.


ત્યારે બેફિકરાઈથી બસ ચલાવી માનવ જીંદગીને જોખમમાં મુકાય તેવી સ્થિતિ સર્જાયેલ જોવા મળી હતી. રસ્તા પર લોકોમાં નાસભાગ મચી ગયેલ હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સ્થાનિક ગ્રામજનોએ મોબાઈલમાં કેદ કરી લીધો હતો. જોકે આ ઘટના બાદ એ જ ખાનગી બસ આગળ જતાં રસ્તા પર ફરી કાબૂ ગુમાવતા રસ્તાની સાઈડમાં બાવળના ઝાડ સાથે ભટકાય ગયેલ જોવા મળી હતી.


## લાઠી : ૨૬ જુલાઈએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૧૦

જુલાઈ–૨૦૨૩નો લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તારીખ તા. ૨૬ જુલાઈ ૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા બાકી રહેતા સરકારી કામો માટે અરજદાર અંગત પ્રશ્ન રજૂ કરવા માંગતા હોય તો મોડામાં મોડા તા.૧૮ જુલાઈ ૨૦૨૩ના રોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા તો પોસ્ટમાં મળી જાય તે રીતે પહોંચાડવી. સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવા. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ' કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. તેમ લાઠી તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


# અમરેલી ખાતે જિલ્લા કોંગી આગેવાનોની બેઠક યોજાઈ



અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ પક્ષના સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી અને એ.આઈ.સી.સી. સચિવ રામકિશન ઓઝાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા કોંગ્રેસના મહત્વના પદાધિકારીઓની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં પ્રભારી રામકિશન ઓઝાએ દેશમાં ભાજપ સરકાર સામે આક્રમકતાથી લડી રહેલા કોંગ્રેસ પક્ષના નેતા રાહુલ ગાંધીના અભિયાનમાં જિલ્લાના દરેક કોંગ્રેસજનોએ તનતોડ મહેનત કરી દરેક બુથ પર મજબૂતાઈથી કામ કરી કોંગ્રેસની વિચારધારાને પુનઃ સ્થાપિત કરવા આહ્‌વાન કર્યું હતું. સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, અને પાંચેય વિધાનસભામાં અગાઉ વિજય થયેલ હતો. પરંતુ ગત ચૂંટણીઓમાં જિલ્લામાં કોંગ્રેસ પક્ષને સમર્થન નહીં મળતા કોંગ્રેસ પક્ષના નેતાઓ અને હોદ્દેદારોએ કઈ જગ્યાએ ચૂક થયેલ છે તે ભૂલ સુધારી ફરી આક્રમકતાથી લડત આપવામાં આવે તો અમરેલી જિલ્લામાં દરેક ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને જનસમર્થન અવશ્ય મળશે તેવી આશા વ્યકત કરી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણીએ પોતાના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલ કામગીરી જણાવી કોંગ્રેસ પક્ષના જિલ્લાના તમામ નેતૃત્વ અને સાથે રાખી સંગઠનાત્મક કામગીરીમાં દરેકને પૂર્ણ સહયોગ આપવા જણાવ્યું હતું. આ મિટિંગમાં પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પ્રદેશ મંત્રી સુરેશભાઈ કોટડીયા, પ્રદેશ મહિલા મહામંત્રી હંસાબેન જોશી, જિલ્લા પંચાયતના નેતા વિપક્ષ પ્રભાતભાઈ કોઠીવાળ, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અર્જુનભાઈ સોસા સહિત જિલ્લાના તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, જિલ્લાના તમામ સેલ ફ્રન્ટલના પ્રમુખો, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, નગરપાલિકા સદસ્યો, જિલ્લા સમિતિ/તાલુકા સમિતિ/સેલ ફ્રન્ટલના હોદ્દેદારો સહિતના તમામ કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ ભંડેરી, અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ સંદીપ પંડયા, જિલ્લા કોંગ્રેસ સમિતિ મહામંત્રી જગદીશભાઈ તળાવીયા, જમાલભાઈ મોગલ, જનકભાઈ પંડયા, જગદીશભાઈ પાનસુરીયા તથા અમરેલી તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલભાઈ પોંકિયા દ્વારા કરવામાં આવેલ હતું.

# સા.કુંડલા : આરોગ્ય મંદિરનાં કર્મચારીઓને પૂ. મોરારિબાપુનાં હસ્તે જીવન રક્ષક એવોર્ડ એનાયત






સાવરકુંડલા સ્થિત પૂ. મોરારિબાપુનાં પોતાનાં ભરોસાથી છેલ્લાં કેટલાંય વર્ષોથી આરોગ્ય ક્ષેત્રે ખરા અર્થમાં, ધન્વંતરી યજ્ઞ એટલે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લભાઈ શેઠ આરોગ્ય મંદિર તદ્દન નિઃશુલ્ક. ‘‘પેશન્ટ નહીં દર્દી નારાયણ’’, કોઈ પાસેથી એક રાતી પાઈ પણ લેવાની નહીં પણ અત્યંત આદર, સત્કાર અને દર્દીના આત્માને ઠેસ ન પહોંચે તે રીતે હોસ્પિટાલીટી. સંસ્થાનાં મુંબઈ સ્થિત મૂળ કુંડલાના હરેશ મહેતા જેમણે પોતાના વિદ્યાગુરૂ અને પોતાના સદ્‌ગુરૂ બન્નેનો રાજીપો મેળવી, દર્દી નારાયણને રીઝવવાની અખંડ જયોત પ્રગટાવી છે. જેમાં સેંકડો લોકો પોતપોતાની યથાશકિત દાનરૂપી દિવેલ પૂરતા જ રહ્યાં છે. હવે થોડા સમય પહેલાં સાવરકુંડલા કાઠી ક્ષત્રિય સમાજનાં અગ્રણી, સનરાઈઝ સ્કૂલનાં મેનેજીંગ ટ્રસ્ટી અને પત્રકાર સંઘનાં અધ્યક્ષ પ્રતાપભાઈ ખુમાણને અકસ્માતે ઈજા થવાથી હાથમાંથી ખૂબ જ બિલ્ડીંગ થતું રોકી શકાતું ન હતું. સંજોગવશાહત રાત્રે બાર વાગ્યા સુધી સારવાર માટે શહેરમાં કયાંયથી કોઈ, એક પણ સર્જન મળ્યા નહિ. પછી આ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરે રાત્રે બાર વાગ્યે પહોંચ્યા કે તરત જ ઈમરજન્સી સ્ટાફે જરૂરી સારવાર તાબડતોબ શરૂ કરી દીધી. અને જીવનું જોખમ ટળી ગયું. હવે હોસ્પિટલ તો એકપણ રૂપિયો ચાર્જ લેતી નથી. આથી પ્રતાપભાઈ એ પાંચેય ઈમરજન્સી સ્ટાફ વતી રૂપિયા પચ્ચીસ હજારનાં દાનનો ચેક પૂજય મોરારિબાપુના હસ્તે હોસ્પિટલમાં આપ્યો અને તમામ સ્ટાફ મેમ્બરને પૂ. મોરારિબાપુનાં હસ્તે, જીવનરક્ષક એવોર્ડ પણ આપવામાં આવ્યો. ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે પૂ. બાપુએ આ જીવન રક્ષક એવોર્ડ આરોગ્ય મંદિરનાં ડો. પિપલોતર, ડો. રજની ધારૈયા, ડો. લગધિર કામળીયા, અર્જુન નેપાળી, અનુભા ભાંભળા અને સરકારી હોસ્પિટલનાં બ્રધર પરમારભાઈને અર્પણ કર્યો હતો. આ અવસરે પૂજય બાપુએ પ્રતાપભાઈ હર હંમેશ આવા સત્કાર્યો કરતાં જ રહે છે, જેનો મને રાજીપો છે, આરોગ્ય મંદિરનાં સ્ટાફે પણ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી તેઓ પણ ધન્યવાદને પાત્ર છે, પ્રતાપભાઈએ પોતાનાં પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, પૂજય મોરારીબાપુ જેવા સદ્‌ગુરૂનાં સાનિધ્યથી આવા સદ્‌વિચાર આવે છે અને તેમનાંમાંથી ઉર્જા મળે છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૪ | ૧૪૩૦ |
| ૨ | ચણા | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | જુવાર સફેદ | ૯૬૧ | ૯૬૧ |
| ૪ | મગફળી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૫ | ઘઉં | ૪૦૧ | ૪૦૧ |
| ૬ | તુવેર | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૭ | શીંગદાણા | ૧૯૧૧ | ૧૯૧૩ |
| ૮ | ધાણા | ૯૫૧ | ૯૫૧ |
| ૯ | મેથી | ૧૦૬૫ | ૧૦૬૫ |

‘‘અમરેલી એકસપ્રેસ’’
અમારૂ ઈ–મેઈલ એડ્રેસ
‘‘અમરેલી એકસપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૫૦ | ૧૪૭૨ |
| ૨ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૫૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૦૨૫ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૦૦ | ૧૯૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૭૫ | ૩૩૩૫ |
| ૬ | તલ કાળા | ૨૬૧૫ | ૩૨૩૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૩૩૩ |
| ૮ | બાજરો | ૩૪૩ | ૩૬૦ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૯૮૨ |
| ૧૦ | ઘઉં બંસી | ૪૬૧ | ૪૬૧ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૧૧ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૬૪ | ૫૦૭ |
| ૧૩ | મકાઈ | ૪૧૫ | ૪૧૫ |
| ૧૪ | ચણા | ૬૭૫ | ૯૭૫ |
| ૧૫ | તુવેર | ૮૦૦ | ૧૬૮૫ |
| ૧૬ | કપાસ | ૯૯૦ | ૧૪૨૫ |
| ૧૭ | એરંડા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| ૧૮ | જીરૂ | ૮૧૫૦ | ૧૧૮૨૫ |
| ૧૯ | રાયડો | ૭૫૦ | ૮૮૦ |
| ૨૦ | ધાણા | ૯૧૨ | ૧૨૭૦ |
| ૨૧ | ધાણી | ૧૪૨૬ | ૧૪૨૬ |
| ૨૨ | અજમા | ૧૫૦૦ | ૩૯૫૦ |
| ૨૩ | મેથી | ૧૧૫૮ | ૧૧૮૮ |
| ૨૪ | સોયાબીન | ૬૭૦ | ૯૨૭ |

પાના ૧ ઉપરનું ચાલું
## ધારીનાં સોની વેપારી સાથે

દિવ્યેશકુમાર જીતેન્દ્રભાઈ સિધ્ધપુરા નામનાં ૨૮ વર્ષિય વેપારી ગત તા. ૭નાં રોજ સવારે ૧૦ વાગ્યા આસપાસ પોતાની દુકાને હાજર હતા ત્યારે વેપારીનાં ફોનમાં ધારી સ્વામીનારાયણ મંદિરનાં કોઠારી સ્વામી દિનબંધુદાસ સ્વામીનો ફોન આવેલ અને વેપારીને તેમણે જણાવેલ કે આપણા મંદિરનાં હરિભકત શૈલેષભાઈ છગનભાઈ ઉંઘાડ (રે. સુરત) વાળા મારી પાસે આવેલા અને તેમને આપણા મંદિરનાં ભગવાન ઉપર સોનુ–ચાંદી ચડાવવું છે તેથી તમે તેને સોનુ–ચાંદી જે જોઈએ તે આપજો અને તે પૈસા બપોરે આપી જશે તેમ કહેલ હતું.

તેથી આ વેપારી પોતાની દુકાનેથી ચાંદીના ચોરસા નંગ–૬ અલગ અલગ વજનનાં કિંમત રૂા. ૧,૯૮,૦૦૦ તથા સોનાના બિસ્કીટ નંગ–૪ જેમાં ૧ બિસ્કીટ ૧૦૦ ગ્રામ વજનનું કિંમત રૂા. ૬,૧૦,૦૦૦, બીજુ બિસ્કીટ ૫૦ ગ્રામ વજનનું જેની કિંમત રૂા. ૩,૦૫,૦૦૦ તથા બીજા બે બિસ્કીટ ૧૦ ગ્રામના જેની કિંમત રૂા. ૧,૨૨,૦૦૦ મળી કુલ રૂા. ૧૨,૩૫,૦૦૦નાં લઈ અને વેપારી સ્વામીનારાયણ મંદિરે ગયા હતા. ત્યાં ઓફિસમાં દિનબંધુ સ્વામી તથા આરોપી શૈલેષભાઈ હાજર હોય તેને આપતા તેમણે મહારાજની તુલા કરી હતી. બાદમાં આરોપી શૈલેષભાઈએ વેપારી તથા કોઠારી સ્વામીને જણાવેલ કે અમારા ઘરના બૈરાને દર્શન કરવા છે તેથી કોઠારી સ્વામી તથા આ સોની વેપારી પરત મંદિરની ઓફિસમાં આવી ગયા હતા.

ઘણી વાર થઈ જવા છતાં આરોપી શૈલેષભાઈ ઓફિસમાં આવેલ નહી જેથી તેઓએ મંદિરમાં જઈ તપાસ કરતાં ત્યાં આરોપી શૈલેષભાઈ મળી આવેલ નહી તથા સોનું તથા ચાંદી પણ જોવા મળેલ નહી. સોનું તથા ચાંદી પરત નહી કરતા આ બનાવમાં સોની વેપારી દિવ્યેશકુમાર જીતેન્દ્રભાઈ સિધ્ધપુરાએ આ સુરતનાં શૈલેષભાઈ ઉંઘાડ સામે વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાવતા પોલીસે સુરત ગામે રહેતા આરોપીની શોધખોળ આદરી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી | ૧૪૦૦ | ૧૬૦૧ |
| ૨ | શીંગદાણા | ૧૬૫૦ | ૨૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૨૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૬૧ |
| ૫ | જીરૂ | ૧૧૦૦૦ | ૧૨૮૦૦ |
| ૬ | કપાસ | ૧૧૩૦ | ૧૪૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૦૮ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૨૯ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૬૩૫ |
| ૧૨ | ચણા | ૮૮૦ | ૯૭૦ |
| ૧૩ | તુવેર | ૧૪૦૦ | ૧૮૬૦ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૧૭૫ |
| ૧૫ | મેથી | ૯૦૦ | ૧૧૨૫ |
| ૧૬ | ધાણા | – | ૧૦૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૮૦ | ૯૦૯ |

પાના ૧ ઉપરનું ચાલું
## બેફામ ભાવ વધતાં ‘‘ટમેટા’’ને પણ

વિપક્ષનાં ધારાસભ્યો, સાંસદો કે મંત્રીઓ મોંઘવારીનો "મ" ન બોલીને દેશવાસીઓની સમસ્યાને નગણ્ય કરી રહ્યાં છે.

દેશમાં છેલ્લા ૯ વર્ષથી ભાજપનાં નેતૃત્વમાં ચાલતી એનડીએ સરકારમાં મોંઘવારી, બેરોજગારીએ તમામ રેકર્ડ બ્રેક કર્યા છે અને ૯ વર્ષમાં દેશવાસીઓને અવનવા દ્રશ્યો, નિવેદનો અને વિકરાળ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે તે હકીકત છે.

દરમિયાનમાં અમદાવાદ શહેરનાં અમરાઈવાડી વોર્ડનાં સત્યમનગર શાક માર્કેટ ખાતે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમર ધ્વારા મહિલાઓને પડતી મોંઘવારીની મુશ્કેલીઓ જેમકે ઘરવપરાશની દરેક ચીજવસ્તુઓ મોંઘી થતી જાય તથા શાકભાજીઓનાં ભાવ આસમાને પહોંચ્યા એ સંજોગોમાં ઘરેણા વહેંચી અથવા તો ગીરવે મુકી શાકભાજી લોકરમાં મુકવાની ફરજ પાડી છે. ત્યારે લોકરમાં ટામેટા મુકી પ્રતિક વિરોધ દર્શાવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મહામંત્રી ઝીલબેન શાહ, ડોલીબેન દવે, શોભનાબેન ભાવસાર, મંત્રી બિરજુબેન ઠકકર, અમરાઈવાડી આગેવાન ધમભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા પ્રમુખ નિમિષાબેન મકવાણા, દક્ષાબેન સોલંકી, પદમાબેન, સોનલબેન, લીલાબેન, કાર્યકર્તા બહેનો સાથે ગૃહિણીઓ ઉપસ્થિત રહી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૪ | ૧૪૩૬ |
| ૨ | મગફળી | ૧૨૭૫ | ૧૩૮૫ |
| ૩ | તલ સફેદ | ૨૪૫૦ | ૩૨૫૦ |
| ૪ | ઘઉં | ૪૦૯ | ૪૩૧ |
| ૫ | ચણા | ૮૯૬ | ૯૩૪ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૬૫ |
| ૨ | ચણા | ૭૦૦ | ૯૩૩ |
| ૩ | ઘઉં લોકવન | ૪૩૨ | ૪૫૪ |
| ૪ | સોયા | ૮૦૦ | ૯૨૧ |
| ૫ | મગફળી | ૧૨૬૧ | ૧૪૪૦ |
| ૬ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ૭ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૯૦ |
| ૮ | ધાણા | ૧૦૭૦ | ૧૩૦૦ |
| ૯ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૧૦ | મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | જુવાર | ૯૨૫ | ૯૭૦ |
| ૧૩ | ઘઉં ટુકડા | ૪૫૬ | ૪૮૬ |
| ૧૪ | અડદ | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ૧૫ | લસણ | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૧૬ | મેથી | ૯૨૫ | ૧૧૫૨ |
| ૧૭ | એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |

## ઉનાનાં એક ગામની સગીરા સાથે શારીરિક અડપલા થતા ફરિયાદ

ઉના, તા. ૧૦

ઉના તાલુકાનાં એક ગામની સગીર વયની યુવતી સાથે ઝાંખરવાડા ગામે રહેતા મુકેશભાઈ કાનાભાઈ વાજા નામના યુવકે યુવતિનાં ઘરે જઈ લગ્ન કરવાની લાલચ આપી શારીરિક અડપલા કરેલ હોય જે અંગેની સાચી હકીકત યુવતીએ તેમની માતાને જણાવતા યુવતિનાં માતાએ નવાબંદર મરીન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા



પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૩૦ | ૧૨૭૫ |
| ૨ | ઘઉં | ૪૦૫ | ૪૬૫ |
| ૩ | ચણા | ૮૨૫ | ૯૩૦ |
| ૪ | તલ સફેદ | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ૫ | કાળા તલ | ૨૦૦૫ | ૩૧૦૧ |
| ૬ | શીંગ દાણા | ૧૬૦૫ | ૨૧૨૧ |
| ૭ | સોયાબીન | ૮૮૦ | ૯૦૧ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૧૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૪૦૨ | ૧૪૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૨૭૫ |
| ૩ | તલ કાળા | ૨૬૫૧ | ૨૬૫૧ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૪૨૧ |
| ૫ | બાજરો | ૪૧૧ | ૪૭૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૪૮૦ |
| ૭ | જુવાર | ૮૨૫ | ૧૧૫૦ |
| ૮ | મકાઈ | ૫૧૦ | ૫૧૦ |
| ૯ | મગ | ૧૪૬૧ | ૧૪૬૧ |
| ૧૦ | મેથી | ૧૨૧૫ | ૧૩૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૨ | તુવેર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| ૧૩ | ચણા | ૯૬૬ | ૯૬૬ |
| ૧૪ | શીંગદાણા | ૨૦૨૫ | ૨૧૫૧ |
| ૧૫ | સોયાબીન | ૯૨૫ | ૧૦૦૦ |

# રોટરી કલબ ઓફ અમરેલીનો શપથગ્રહણ સમારોહ યોજાયો






રોટરી ક્લબ ઓફ અમરેલીનો તારીખ : ૦૯–૦૭–૨૦૨૩ ને રવિવારના રોજ ૪૪મો શપથ ગ્રહણ સમારંભ હોટેલ એંજલ અમરેલી ખાતે યોજાયો. જેમાં ઈન્સ્ટોલેશન ઓફિસર તરિકે આર.આઈ.–૩૦૬૦, ૨૦૨૪–૨૫ના ડિસ્ટ્રિકટ ગવર્નર ઈલેકટ રો. તુષારભાઈ શાહ દ્વારા પ્રેસિડેન્ટ રો. જગદીશભાઈ સેલાણી, સેક્રેટરી રો. આશિષભાઈ ગણાત્રાને શપથ લેવડાવામાં આવ્યા તેમજ ગત વર્ષના પ્રેસિડેન્ટ રો. જીતુભાઈ સોમૈયા (ગોળ વાળા)એ કોલર એકસચેન્જ કરી રો. જગદીશભાઈ સેલાણીને પ્રેસિડેન્ટનો ચાર્જ સોંપ્યો હતો. તેમજ આસિસ્ટન્ટ ગવર્નર રો. દેવદત્તભાઈ જાની, અતિથિ વિશેષ પી.પી.સોજીત્રા સાહેબ, ડો. કાનાબાર સાહેબ, વેપારી મહામંડળના પ્રમુખ બિરજુભાઈ અટારા, રોટરી કલબ ઓફ અમરેલી ગીરના પ્રમુખ મનીભાઈ વાકોતર, લાયન્સ કલબ ઓફ અમરેલીના પ્રમુખ કૌશિકભાઈ હપાણી, લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ દિવ્યેશભાઈ વેકરિયા, દિલીપભાઈ પરીખ, બિપીનભાઈ ગાંધી, જીતુભાઈ ફુટવાળા, ભાવેશભાઈ આડતીયા, ગોવર્ધનનાથજી હવેલીના મુખિયાજી તેમજ રોટરી કલબ અમરેલીના દરેક મેમ્બર રો. ડો. પી. પી. પંચાલ, રો. એ.ડી. રૂપારેલ, રો. સતિષભાઈ આડતીયા, રો. ચંદ્રેશભાઈ ધોળકિયા, રો. વિનુભાઈ રતનધાયરા, રો. ભુપેન્દ્રભાઈ સંપટ, રો. ભરતભાઈ હિંગુ, રો.ભુપેન્દ્રભાઈ ઝિંઝુવાડીયા, રો. બીરેનભાઈ વસાણી તથા નવા મેમ્બર રો. પરાગભાઈ વડેરા, રો. જીગ્નેશભાઈ કોટક, રો. સંજયભાઈ ચોકસીની ઉપસ્થિતિમાં રોટરી કલબ અમરેલીનો ૪૪મો શપથ ગ્રહણ સમારંભ પૂર્ણ થયો. રો. ચંદ્રેશભાઈ ધોળકીયાએ યાદીમાં જણાવેલ.

## વિશ્વ વસ્તી દિવસ : ભારતનું યુવાધન કૌશલ્ય પ્રાપ્ત કરીને ઉજ્જ્વળ ભવિષ્યના સપનાને સાકાર કરી રહ્યું છે

# અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૨૦૨૩ સુધીમાં પ્રતિભાવંત યુવાઓ માટે કુલ ૧૯૫ રોજગાર ભરતીમેળા યોજાયા

## અમરેલી જિલ્લામાં તમામ આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં પણ નવયુવાઓ કૌશલ્ય પ્રાપ્ત કરીને રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છે

અમરેલી, તા. ૧૦

શું તમને ખબર છે ? કે સમગ્ર વિમાં વિ વસ્તી દિવસની ઉજવણી કયારે શરૂ કરવામાં આવી ? વિ વસ્તી દિવસની ઉજવણી શું કામ કરવામાં આવે છે ? નહીં ! તો આ રહ્યા તેના જવાબો. વર્ષ ૧૯૮૯માં સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાયોને એ ભલામણ કરવામાં આવી કે દર વર્ષે તા. ૧૧ જુલાઈના રોજ વિ વસ્તી દિવસ ઉજવવામાં આવે. જેનો ઉદ્દેશ વસ્તીને લગતી બાબતોને લઈ તેના મહત્વને સ્થાપિત કરવાનો, સમસ્યાઓને આપસી સહયોગ થકી ઉકેલવાનો અને જાગૃત્તિ વધારવાનો છે. આ પ્રસ્તાવનો સ્વીકાર વર્ષ ૧૯૯૦માં કરવામાં આવ્યો હતો અને ત્યારથી આ દિવસની ઉજવણી સમગ્ર વિમાં કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં આ દિવસની થીમ : "How to safeauard the health and rights of women and girls now" છે.

આપણે જયારે વિ વસ્તી દિવસની ઉજવણીની વાત કરતા હોઈએ ત્યારે યુવાઓની વસતી વિષયક આપણે ચર્ચા ખૂબ જ ઓછી કરતા હોઈએ છીએ. ભારતમાં આજે એક અંદાજ મુજબ ૬૫ ટકા જનસંખ્યા યુવાઓની છે. એટલે કે દુનિયામાં સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ ભારત છે. ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા આજે ભારતમાં કૌશલ્ય નિર્માણ થઈ રહ્યું છે. પ્રતિભાવંત યુવાઓ પોતાના કૌશલ્ય થકી પોતાના સપનાના આકાશની ઉડાન ભરી રહ્યા છે. ભારત સરકાર દ્વારા સ્કિલ ઈન્ડિયા મિશન લોન્ચ કરવામાં આવ્યું હતુ જેના અંતર્ગત આજે લાખો યુવાઓ સ્કિલ્ડ ઈન્ડિયા અંતર્ગત પોતાના સપનાઓને હકીકતમાં સાકાર કરી રહ્યા છે. આજે ભારતના વિકાસમાં કૌશલ્ય પ્રાપ્ત યુવાઓ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, Mission of skilling, re-skilling and up-skilling the youth should go on relentlessly.

ગુજરાત રાજય સરકાર સંચાલિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ)માં પણ કૌશલ્ય નિર્માણ અને કૌશલ્ય વિકાસ માટેના વિવિધ ટ્રેડ અભ્યાસક્રમ શરૂ છે. હજારો યુવાઓ કૌશલ્ય નિર્માણ અને કૌશલ્ય વિકાસ માટે સકારાત્મક વલણ અપનાવી કૌશલ્ય મેળવીને સ્વરોજગારી પ્રાપ્ત કરી તેમના ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ તરફ ગતિ કરી રહ્યા છે. જિલ્લા રોજગાર અધિકારીના જણાવ્યા મુજબ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૨૦૨૩ સુધીમાં પ્રતિભાવંત યુવાઓ માટે કુલ ૧૯૫ રોજગાર ભરતીમેળા આયોજિત થયા હતા. જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં કુલ ૧૩,૧૫૨ યુવાઓ રોજગાર ભરતીમેળા થકી વિવિધ ખાનગી કંપનીઝમાં પ્રાથમિક પસંદગી પામ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવતા નિયમિત રોજગાર ભરતીમેળા થકી હજારો પ્રતિભાવંત યુવાઓના સપનાઓને ગગનચૂંબી ઉડાન મળી રહી છે. પારદર્શી અને નિર્ણયશીલ અભિગમ સાથે ગુજરાત રાજય સરકાર દ્વારા નિયમિત રીતે વિવિધ ક્ષેત્રમાં ભરતીઓ થઈ રહી છે. રાજયનો શ્રમ અને રોજગાર વિભાગ તે માટે પ્રયત્નશીલ છે. રાજયના યુવાનો વિવિધ સરકારી અને ખાનગી નોકરી મેળવે છે. ગુજરાત રાજય સરકાર યુવાઓને રોજગારી આપીને યુવાઓનું ભવિષ્ય સુરક્ષિત કરવાના સતત અને અવિરત પ્રયત્ન કરી રહી છે.

**– આલેખન : ધર્મેશ એન.વાળ**

# જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધો. ૫ માં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી તા. ૧૦

જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધો.૫માં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

તા.૧૦ ઓગસ્ટ સુધી www.navodaya.com પર ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ છે. પ્રવેશ પરીક્ષા આગામી તા.૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ને સવારે ૧૧.૩૦ કલાકે યોજાશે. ધો.૫માં સત્ર ૨૦૨૩-૨૪માં અભ્યાસ કરતા છાત્રો આવેદન કરી શકે છે. ઓનલાઈન ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓની જન્મ તારીખ ૦૧.૦૫.૨૦૧૨ થી ૩૦.૦૭.૨૦૧૪ (બંને સંલગ્ન સંમિલિત) આધારિત થતી હોવી આવશ્યક છે. આ વિદ્યાલય સંપૂર્ણ આવાસી છે અને આ વિદ્યાલયમાં સી.બી.એસ.સી અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તેમ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના જનસંપર્ક અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જાહેર નોટિસ



આથી હું નૌશાદઅલી શેરઅલી લાખાણી ઉ.વ.૬૦ સરનામુ : એ વન, જમ્બો ઝેરોક્ષ, જુની મામલતદાર કચેરી સામે, જવાહર રોડ, રાજુલા.

લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાણ કરૂ છું કે બાજુનાં ફોટાવાળા મારા પુત્ર **અબ્બાસઅલી નૌશાદઅલી લાખાણી ઉ.વ.૩૪**, આધાર નં. 608675058279 ને મેં તેમનો હકક હિસ્સો અગાઉ આપી અલગ કરી દીધેલ છે અને હવે મારી બાકી વધતી તમામ મિલ્કત (જાયદાત)માંથી તેમને બેદખલ કરેલ છે જેથી તમામ લાગતા વળગતા તથા તેમની સાથે ઉધાર વ્યવહાર કે લેવડ-દેવડ કરતા તમામને જણાવું છું કે તેમની સાથે જે કાંઇ લેતી-દેતી કરશે કે કોઇપણ વ્યવહાર કરશે એ જવાબદારી તેની પોતાની જ રહેશે. જે બાબતે મારી પાસે, કે મારી દુકાને, કે મારા ઘરે કોઇએ ઉઘરાણી એ આવવું નહી અને આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**સહી : નૈશાદઅલી શેરઅલી લાખાણી**

# વિશ્વ વસ્તી દિને જનજાગૃતિની ખાસ આવશ્યકતા છે : રાજુભાઈ પરિખ



૧૧ જુલાઈ વિશ્વ વસ્તીદિન તરીકે મનાવાય છે. વસ્તી દિવસ ૨૦૨૩ યુનોએ આ વર્ષે વિશ્વ વસ્તી વધારા દિવસ નિમિત્તે એક નવું જ સુત્ર આપ્યું છે. તે પ્રમાણે વસતિ વધે ત્યારે તેમાં સ્ત્રી-પુરુષની સંખ્યાનો દર લગભગ સરખો રાખવા સંકલ્પ કરવો જોઈએ. સ્ત્રીઓમાં અને વિશેષ તો યુવાન કન્યાઓમાં ઉર્જાનો ધોધ વહે છે. યુનો સુચવે છે કે આ ઉર્જા પ્રગટ થવાથી તમામ અનુકૂળતા કરવામાં આવે. જેથી પુરુષ અને સ્ત્રી બન્નેનાં સંયુકત ઉદ્યમથી વિશ્વનો આશ્ચર્યજનક વિકાસ થશે. વસ્તી વધારો એ સમસ્યા લાગતી હોય તો પણ તેને અવસરમાં પલટી નાંખી વિશ્વને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવું જોઈએ. જાતીય ભેદભાવ નષ્ટ થવો જોઈએ. અને મહિલા સશકિતકરણનાં મંત્રને અપનાવવામાં જ કલ્યાણ છે.- સાથોસાથ વિશ્વ વસ્તી વધારા અંગે સમજદારીની આવશ્યકતા છે. તંદુરસ્તી જળવાય, પર્યાવરણ, સ્વચ્છતા જળવાય તેમજ આરોગ્ય જળવાય તે જરૂરી છે. વિશ્વ પાસે જમીનનાં જથ્થામાં વધારો થઈ શકે તેમ નથી. માટે છેવટનાં નાગરિકની સુખાકારી અંગે વિચારવું જરૂરી છે. આથી વિશ્વ વસ્તી અંગે જનજાગૃતિની ખાસ આવશ્યકતા છે. સહજ વિચાર રાજુભાઈ પરિખ વ્યકત કરે છે.

# અમરેલીનાં ભાજપનાં અગ્રણી ડો. કાનાબારને જન્મદિને શુભેચ્છા પાઠવતા ચેમ્બરનાં હોદ્દેદારો



અમરેલી, તા. ૧૦

ચલાલા અમરેલી જિલ્લા ભાજપનાં વરિષ્ઠ આગેવાન અને હંમેશા વિકટ પરિસ્થિતિમાં આમ જનતાની પડખે ઉભા રહી સફળતાપૂર્વક સમસ્યા હલ કરી રહ્યાં છે. તેવા સંનિષ્ઠ સમાજ સેવક ડો. ભરતભાઈ કાનાબારનાં જન્મદિવસે અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ભગીરથભાઈ ત્રીવેદી અને વેપારી અગ્રણી અને અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બરનાં મહામંત્રી રાજુભાઈ શીંગાળા સહિત તાલુકા ચેમ્બર ઓફ કોમર્સનાં આગેવાનોએ ડો. ભરતભાઈ કાનાબારને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામના પાઠવી હતી. ડો. કાનાબારે ઉપસ્થિત તમામ ડિસ્ટ્રીકટ ચેમ્બરનાં આગેવાનોનો આભાર વ્યકત કર્યો હતો. આ તકે કેબીનેટ મંત્રી પરશોતમ રૂપાલા અને અમરડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યાં હતા.


**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**



APM TERMINALS
Lifting Global Trade

## ગુજરાત પીપાવાવ પોર્ટ લીમીટેડ

**રજીસ્ટર્ડ ઓફીસ :** પીપાવાવ પોર્ટ, મુકામ-પોસ્ટ રામપરા-૨ વાયા રાજુલા જિ્લ્લો. અમરેલી ગુજરાત ૩૬૫ ૫૬૦

CIN: L63010GJ1992PLC018106

**ફોન :** ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ **ફેકસ :** ૦૨૭૯૪ ૨૪૨૪૧૩

**વેબસાઇટ :** www.pipavav.com **ઇમેઇલ :** investorrelationinppv@apmterminals.com

### નોટીસ

**ઇન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેક્શન ફંડ (આઇઇપીએફ) માં કંપનીના ઇક્વિટી શેર્સની તબદીલી**

આથી શેરહોલ્ડરોને નોટીસ આપવામાં આવે છે કે ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રીફંડ) નિયમો, ૨૦૧૬ (નિયમો) સાથે વંચાતા કંપની કાયદા, ૨૦૧૩ની કલમો ૧૨૪ અને ૧૨૫ની જોગવાઇઓ અન્વયે, નાણાંકિય વર્ષ, ૨૦૧૫-૧૬ માટે જારી કરાયેલ ડિવિડન્ડ જે સતત સાત વર્ષ થી દાવા રહીત અથવા બિન ચુકવાયેલ છે અને સતત સાત વર્ષ થી ( નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ ડિવિડન્ડ થી શરૂ) અથવા વધુ વર્ષથી દાવો ન કરાયેલ/ ચુકવણી ન કરાયેલ ડિવિન્ડને સંબંધિત શેર્સ, નિયમોમાં જણાવેલ નિયત પ્રક્રિયા અનુસાર ૯ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ આઇઇપીએફમાં તબદીલ કરવામાં આવશે.

આમ છતાં, ડિપોઝીટરીઝ એક્ટ, ૧૯૯૬ હેઠળ હાયપોથીકેટેડ/ગીરો કરાયેલ શેર્સ અથવા ડિવિડન્ડની ચુકવણી અથવા આવા શેર્સની કોઇપણ તબદીલી કોર્ટ/ટ્રિબ્યુનલ/કાનુની પ્રાધિકરણોના ખાસ આદેશ દ્વારા પ્રતિબંધિત કરાઇ છે તેવું કંપનીની જાણમાં હોય તો તબદીલ કરવામાં આવશે નહી.

નિયમોના અનુપાલન હેઠળ, કંપનીએ (લાગતા વળગતા શેરહોલ્ડરો) જેમનાના શેર/સ આઇઇપીએફમાં તબદીલ થવાના પાત્ર છે તેવા શેરહોલ્ડરો/રોકાણકારોને વ્યક્તિગત રીતે શેર ટ્રાન્સફર અંગે જાણ કરેલ છે. આવા શેરહોલ્ડરો/રોકાણકારો કંપનીની વેબસાઇટ https://www.apmterminals.com/en/pipavav/investors/unclaimed-dividend ઉપર આ સબંધમાં દર્શાવેલ વિગતો જોઇ શકે છે.

ફીઝીકલ સ્વરૂપે શેરહોલ્ડીંગ ધરાવતા લાગતા વળગતા શેરહોલ્ડરો અને જેમના શેર્સ આઇઇપીએફ ઓથોરીટીમાં તબદલીને પાત્ર છે તેઓએ નોંધ લેવી કે કંપની તેમની પાસે રહેલ ઓરીજનલ શેર સર્ટીફીકેટ્સની બદલીમાં ના શેર સર્ટીફીકેટ જારી કરશે અને આવા નવા શેર સર્ટીફીકેટ જારી કરીને કંપની ડિમેટ સ્વરપે શેર સર્ટીફીકેટમાં તબદીલ કરવા કોર્પોરેટ કાર્યવાહીના માર્ગે ડિપોઝીટરીઓને જાણ કરશે અને આઇઇપીએફની તરફેણમાં તબદીલ કરશે. અસલ શેરહોલ્ડરના નામે રજીસ્ટર્ડ ઓરીજનલ શેર સર્ટીફીકેટ્સ આપ મેળે રદ થશે અને બિન-વટાઉ ગણાશે.

ડિમટીરીયલાઇઝ્ડ સ્વરૂપે શેર્સ હોલ્ડીંગમાં, કંપની આઇઇપીએફમાં તેમના શેર્સની તબદીલી માટે કોર્પોરેટ કાર્યવાહીના માર્ગે ડિપોઝીટરીઓને જાણ કરશે.

શેરહોલ્ડરોને આઇઇપીએફમાં તબદીલી પહેલા નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ અને ત્યારબાદની તેમની ડિવિડન્ડની રકમ માટે દાવો કરવા વિનંતી છે.

લાગતાવળગતા શેરહોલ્ડરોને ૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ અથવા એ પહેલા તેમના ડિવિડન્ડોનો દાવો કરવા વિનંતી છે, જેમાં નિષ્ફળ જતાં કંપની ૯ ઓકટોબર, ૨૦૨૩ સુધી નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ના ડિવિડન્ડ અને તેમા શેરોની તબદીલી કરશે.

નોંધ લેવી કે આઇઇપીએફમાં તબદીલ કરેલ દાવા રહીત ડિવિડન્ડો અને શેર્સના સબંધમાં કંપની સામે કોઇ દાવો કરી શકાશે નહી. શેરહોલ્ડરો/રોકાણકારો નિયમોમાં નિયત પ્રક્રિયા અનુસરીને આઇઇપીએફ પ્રાધિકરણ પાસેથી આઇઇપીએફમા તબદીલ કરેલ ડિવિડન્ડ અને શેર્સ માટે દાવો કરી શકે છે.

ઉપરોક્ત બાબતે કોઇપણ પુછપરછ માટે, શેરહોલ્ડરોને કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર એજન્ટ કેફિન ટેકનલોજી લીમીટેડનો સેલેનિયમ ટાવર બી, પ્લોટનં. ૩૧-૩૨, ફાઇનાન્સિયલ ડિસ્ટ્રીક્ટ, નાનાક્રમગુડા, સેરિલિંગમપલી માંડલ, હૈદરાબાદ-૫૦૦૦૩૨, ઇમેઇલ : einward.ris@kfintech.com અથવા કંપનીનો ઉપર જણાવેલ સંપર્ક વિગતો પર સંપર્ક કરવા વિનંતી છે.

**ગુજરાત પિપાવાવ પોર્ટ લીમીટેડ**

**સ્થળ : મુંબઇ** **મનિષ અગ્નિહોત્રી**

**તારીખ : ૭ જુલાઇ, ૨૦૨૩** **કંપની સેક્રેટરી**



APM TERMINALS
Lifting Global Trade

## ગુજરાત પીપાવાવ પોર્ટ લીમીટેડ

**રજીસ્ટર્ડ ઓફીસ :** પીપાવાવ પોર્ટ, મુકામ-પોસ્ટ રામપરા-૨ વાયા રાજુલા જિ્લ્લો. અમરેલી ગુજરાત - ૩૬૫ ૫૬૦

CIN: L63010GJ1992PLC018106

**ફોન :** ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ **ફેકસ :** ૦૨૭૯૪ ૨૪૨૪૧૩

**વેબસાઇટ :** www.pipavav.com **ઇમેઇલ :** investorrelationinppv@apmterminals.com

આથી નોટીસ આપવામાં આવે છે કે ગુજરાત પીપાવાવ પોર્ટ લીમીટેડ (કંપની) ની ૩૧મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શુક્રવાર, ૪ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ બપોરે ૨.૩૦ વાગ્યે એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે યોજાશે. કોર્પોરેટ અફેર્સ દ્વારા જારી કરાયેલ પરિપત્રો તારીખ ૫ મે, ૨૦૨૦ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ અન્વયે , એજીએમ ફકત વિડિયો કોન્ફરન્સીંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) મારફત યોજાશે.

કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો, ૨૦૧૫ના નિયમ ૧૮ સાથે વંચાતી કંપની કાયદા, ૨૦૧૩ ની કલમ ૧૦૧ ની જોગવાઇઓ અને ઉપર જણાવેલ એમસીએ પરિપત્રો અંતર્ગત સભ્યોએ નોંધ લેવી કે એજીએમની નોટીસ અને ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ પુરા થતાં વર્ષનો વાર્ષિક અહેવાલ તમામ કંપનીના સભ્યો જેમના ઇમેઇલ આઇડી કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ એટલે કે કેફીન ટેકનોલોજીસ લીમીટેડ (કેફીન)/તેમના સંબંધિત ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ (ડી) પાસે રજીસ્ટર્ડ કરાવેલ છે તેમને ફક્ત ઇલેક્ટ્રોનિક નકલના માર્ગે મોકલેલ છે. એજીએમની નોટીસ કંપનીની વેબસાઇટ www.pipavav.com અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com ઉપર પણ ઉપલબ્ધ છે. ફીઝીકલ સ્વરૂપે શેરો ધરાવતા સભ્યો einward.ris@kfintech.com પર કેફિનને ઇમેઇલ કરીને તેમના ફોલિયો નં., શેરહોલ્ડરનું નામ, શેર સર્ટીફીકેટ (આગળ અને પાછળ)ની સ્કેન્ડ નકલ, પાન કાર્ડની સ્વ પ્રમાણિત સ્કેન્ડ નકલ, આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ નકલ મોકલીને તેમના ઇમેઇલ આઇડી રજીસ્ટર્ડ કરાવી શકે છે. ડીમટીરીયલાઇઝ્ડ સ્વરૂપે શેરહોલ્ડીંગ ધાવતા હોય તેવા સભ્યો તેમના ડીપી પાસે તેમના ઇમેઇલ આઇડી રજીસ્ટર્ડ કરાવી શકે છે.

કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૯૧ અન્વયે કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુક્સ ગુરુવાર, ૨૭ જુલાઇ, ૨૦૨૩ થી શુક્રવાર, ૪ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી (બંને દિવસો સહીત) એજીએમના હેતુસર અને જો એજીએમમાં મંજુરી મળે તો અંતિમ ડિવિડન્ડ મેળવવા માટે હકદાર સભ્યો નક્કી કરવા માટે બંધ રહેશે. અંતિમ ડિવિડન્ડ, જો મંજુર થાય તો, ચુકવવામાં આવશે:

(૧) ૨૬ જુલાઇ, ૨૦૨૩ના રોજ કામકાજના કલાકો પુરા થયે એનએસડીએલ અને સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) પાસેથી પ્રાપ્ત થયેલ માહીતી મુજબ ડિમટીરીયલાઇઝ્ડ સ્વરૂપે શેરો ધરાવતા હોય તેવા તમામ લાભાર્થી માલિકોને.

(૨) ૨૬ જુલાઇ, ૨૦૨૩ નારોજ કામકાજના કલાકો પુરા થયે પ્રાપ્ત ટ્રાન્સપોઝીશન અરજીઓ અને શેર ટ્રાન્સમીશન કર્યા પછી ભૌતિક સેવરૂપે શેરો ધરાવતા હોય તેવા તમામ સભ્યોને.

ડિવિડન્ડની રકમ સભ્યોના રજીસ્ટર્ડ બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવશે. જે સભ્યોએ ડીપી પાસે તેમની બેંક વિગતોમાં સુધારો કરાવ્યો નથી તેઓને કંપનીને તેમના બેંક એકાઉન્ટમાં ડિવિડન્ડની રકમની એનઇએફટી/ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફ કરવા માટે સક્ષમ બનાવા માટે તેમ કરવા વિનંતી છે. ફીઝીકલ સ્વરૂપે શેરો ધરાવતા સભ્યો ડિવિડન્ડની એનઇએફટી/ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફર કરવા માટે કેફીનમાં તેમની બેંક વિગતો રજીસ્ટર કરાવી શકે છે.

કંપની કાયદા, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઇઓ સાથે વંચાતા કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) સુધારા નિયમો, ૨૦૧૫ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૪૪ અંતર્ગત એજીએમ ખાતે વિચારણા માટે નિયત તમામ ઠરાવો પર કંપની એજીએમના સ્થાન સિવાય અન્ય સ્થાનેથી મત આપવા માટેની સવલત એટલે કે રીમોટ ઇ-વોટીંગની સવલત તેના શેરહોલ્ડરોને પુરી પાડતા ખુશી અનુભવે છે.

કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) સુધારા નિયમો, ૨૦૧૫ ના નિયમ ૨૦ મુજબ, કંપની એજીએમમાં અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મત આપવા માટે સભ્યોની લાયકાત નક્કી કરવાની કટ-ઓફ તારીખ તરીકે શુક્રવાર, ૨૮ જુલાઇ, ૨૦૨૩ નિયત કરેલ છે. કટ ઓફ તારીખ એટલેકે ૨૮ જુલાઇ, ૨૦૨૩ ના રોજ કંપનીના રજીસ્ટર્ડ ઓફ મેમ્બર્સ અને ડિપોઝીટરીઓ દ્વારા સંચાલીત લાભાર્થી માલિકના નિવેદન માં જે વ્યક્તિઓના નામ હાજર છે ફક્ત તેઓજ એજીએમમાં મત આપવા અથવા રીમોટ ઇ-વોટીંગની સવલત મેળવવા માટે હકદાર ગણાશે.

ઇ-વોટીંગની વિગતો નીચે મુજબ છે:

(૧) ઇલેક્ટ્રોનિક માધ્યમો મારફત રીમોટ ઇ-વોટીંગની શરૂઆતની તારીખ અને સમય: મંગળવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે

(૨) ઇલેક્ટ્રોનિક માધ્યમો મારફત રીમોટ ઇ-વોટીંગ પુર્ણ થવાની તારીખ અને સમય: ગુરુવાર, ૩ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે

(૩) સભ્ય રીમોટ ઇ-વોટીંગ મારફત મત આપવાના તેના હકનો ઉપયોગ કર્યા પછી પણ સભામાં ભાગ લઇ શકે છે, પંરતુ સભામાં ફરીથી મત આપવા માટે હકદાર ગણાશે નહી.

(૪) સભ્યો નોટીસમાં રહેલ ઇવોટીંગ સુચનાઓ અનુસરી શકે છે અને કોઇપણ પુછપરછ/ ફરિયાદના કિસ્સામાં સભ્યો emeetings@kfintech.com ને લખી શકે છે અથવા કેફીનટેકના હેલ્પલાઇન નં. ૧૮૦૦-૩૦૯-૪૦૦૧ ઉપર કોલ કરી શકે છે. ઇ-વોટીંગની સવલત એજીએમમાં પણ ઉપલબ્ધ રહેશે.

જો કોઇ વ્યક્તિ એજીએમ નોટીસની રવાનગી પછી પરંતુ કટ-ઓફ તારીખ એટલે કે ૨૮ જુલાઇ, ૨૦૨૩ ના રોજ અથવા એ પહેલા કંપનીની સભ્ય બને છે, તો તે/તેણી યુઝર આઇડી અને પાસવર્ડ માટે અરજી કરવા માટે einward.ris@kfintech.com ને લખી શકે છે અથવા કેફિન ટેકના ટોલફ્રી નં. ૧૮૦૦-૩૦૯-૪૦૦૧ પર કોલ કરી સકે છે. યુઝર આઇડી અને પાસવર્ડ મેળવ્યા પછી, આવા સભ્યો એજીએમના સ્થાન પર મતદાન દ્વારા અથવા સુચનાઓ અનુસરીને રીમોટ ઇ-વોટીંગ મારફત તેમના મતદાન હકોનો ઉપયોગ કરી શકે છે. આમ છતાં, જો તે/તેણી રીમોટ ઇ-વોટીંગ માટે પહેલેથી કેફીન ટેકમાં રજીસ્ટર્ડ છે તો તે/તેણી મત આપવા માટે તે/તેના હયાત યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

સભાની વિગતો કંપનીની વેબસાઇટ www.pipavav.com અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com ઉપર પણ ઉપલબ્ધ છે.

**બોર્ડના આદેશથી**

**સ્થળ : મુંબઇ** **મનિષ અગ્નિહોત્રી**

**તારીખ : ૭ જુલાઇ, ૨૦૨૩** **કંપની સેક્રેટરી**

# અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખપદે દિનેશભાઈ ભુવા






લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા નવનિયુકત ટીમનો પદગ્રહણ સમારંભ આયોજીત થયા. જેમાં 'ભોજલરામ' ફતેપુર જગ્યાનાં મહંત પૂ. ભકિતરામ બાપુ ખાસ ઉપસ્થિત રહેલા. દિપપ્રાગટય અને માં ખોડલની આરતી સાથે કાર્યક્રમ શરૂ થયેલો. ત્યારે મેનેજીંગ ટ્રસ્ટી ડી.કે. રૈયાણી દ્વારા ઉપસ્થિત મહેમાનો અને લેઉવા પટેલ જ્ઞાતિબંધુઓને આવકારવામાં આવેલા. આ કાર્યક્રમમાં કોર કમીટીનાં સભ્ય પૂર્વપ્રમુખ કાંતિભાઈ વઘાસીયા, અગ્રણી ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, કાળુભાઈ સુહાગીયા તેમજ ખોડલધામ સમાધાન પંચનાં પ્રમુખ મનુભાઈ દેસાઈ હાજર રહેલા તેમજ ખાસ મહેમાન તરીકે ''ખોડલધામ'' કાગવડનાં ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, ભુપતભાઈ ભુવા, રમેશભાઈ કાથરોટીયા અને સંજોગનાં તંત્રી સુરેશભાઈ દેસાઈ પણ હાજર રહેલા. કાર્યક્રમને સફળ બનાવવા નવનિયુકત પ્રમુખ દિનેશભાઈ ભુવા, મંત્રી પ્રા.ડો. જે.ડી. સાવલીયા, ખજાનચી ઘનશ્યામભાઈ સોરઠીયા તેમજ નવી કારોબારી ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલી. આ તકે ગયા વર્ષોમાં લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલીનાં પૂર્વ હોદ્દેદારોનું સન્માન કરવામાં આવેલું અને તેમના કાર્યોને બીરદાવવામાં આવેલા તેમજ પૂર્વ ખજાનચી ભીખુભાઈ કાબરીયા દ્વારા વહીવટી અહેવાલ રજૂ કરવામાં આવેલો એ જ રીતે નવા પ્રમુખ દિનેશભાઈ ભુવાએ લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલીનાં માધ્યમથી અનેકવિધ સેવાકીય પ્રવૃતિ–સમૂહલગ્ન–શિક્ષણ સાથે સમાજનાં વિકાસની તેમના હવે પછી કરવાનાં વિવિધ કાર્યક્રમો–પ્રવૃત્તિની આયોજનપૂર્ણ અને વિગતે માહિતી આપેલી જેના દ્વારા લેઉવા પટેલ જ્ઞાતિબંધુઓને વિવિધ લાભ મળી શકે તેમજ ૫૧ સમુહલગ્નોત્સવનું આયોજન થઈ શકે. આ તકે લેઉવા પટેલ સંકુલનાં ડાયરેકટર વલ્લભભાઈ રામાણીએ વિવિધ સરકારી સહાય યોજનાનો લાભ છેવાડાનાં લેઉવા પટેલ જ્ઞાતિબંધુઓ પોતાનાં દિકરા/દિકરી માટે શિક્ષણ સહાયમાં મેળવી શકે તેવી વાત રજૂ કરેલી અને પોતાના માર્ગદર્શનની પણ ખાતરી આપેલી તેમજ સરકાર દ્વારા મળતી વિદ્યાસભા સંકુલને ગ્રાન્ટની સહાય બાબતે એમ.કે. સાવલિયાએ વિવિધ માહિતી આપેલી. આ કાર્યક્રમમાં વિવિધ સંસ્થાનાં પ્રમુખ/હોદ્દેદારો દ્વારા દિનેશભાઈ ભુવાને સન્માનિત કરવામાં આવેલા. પ.પૂ. ભોજલરામ બાપાના આશીર્વાદ મહંતશ્રી ભકિતરામ બાપુ દ્વારા તમામ લેઉવા પટેલ જ્ઞાતિબંધુને મળતા રહે તેવો શુભેચ્છા સંદેશ પોતાનાં પ્રવચનમાં આપવામાં આવેલ. કાર્યક્રમનાં અંતે આભાર દર્શન નિલેષભાઈ મુલાણી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. જે.ડી. સાવલીયા તેમજ પ્રા.ડો. કેતનભાઈ કાનપરીયા દ્વારા કરવામાં આવેલું. કાર્યક્રમને સફળ બનાવવા અરજણભાઈ કોરાટ, ભીખુભાઈ કાબરીયા, સંજયભાઈ રામાણી, રમેશભાઈ બાબરીયા, નિલેષભાઈ દેસાઈ, ઘનશ્યામભાઈ રૈયાણી, ગોપાલભાઈ કચ્છી, ઘનશ્યામભાઈ સોરઠીયા, નિલેષભાઈ મુલાણી, રાજુભાઈ ઝાલાવાડીયા, વર્ષિલભાઈ મોવલીયા, નિલેષભાઈ ઠુંમર, ભાવેશભાઈ કાબરીયા, ચંદ્રેશભાઈ ખુંટ, જતિનભાઈ સુખડીયા, જગદીશભાઈ તળાવીયા, હિરેનભાઈ બાંભરોલીયા, નિમેષભાઈ બાંભરોલીયા, જયસુખભાઈ મોણપરા, સંજયભાઈ પોકળ, વરૂણભાઈ પટેલ જેવા પાયાના કાર્યકરો તેમજ ગોરધનભાઈ માંદલીયા, જયેન્દ્રભાઈ શીંગાળા, શિક્ષણ કર્મચારી ટીમ લેઉવા પટેલ સમાજનાં સભ્યો, સલાહકારો–સહકાર ટીમનાં સભ્યો લેઉવા પટેલ સમાજ જ્ઞાતિનાં વડિલો, માર્ગદર્શક, ઉદ્યોગપતિ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવવા ખુબ જહેમત ઉઠાવેલ તેમજ કાર્યક્રમનાં અંતે રાષ્ટ્રગીત અને જ્ઞાતિભોજન સાથે કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો.







## સાવરકુંડલા નજીક આવેલ
## ખડકાળા ગામે યુવકને ખોડીયાણા ગામની સીમમાં સર્પે દંશ મારતા મોત
### મુળ મધ્યપ્રદેશનાં યુવકનું સારવાર દરમિયાન મોત

અમરેલી, તા. ૧૦


મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ સાવરકુંડલા તાલુકાનાં ખડકાળા ગામે રહેતા કમલેશ પીંડુભાઈ ડામોર નામનાં ૧૮ વર્ષિય યુવક ગત તા. ૧ નાં રોજ રાત્રે ખોડીયાણા ગામની સીમમાં આવેલ પોતાના ઘરે સુતા હતા ત્યારે તેમને સાપે દંશ મારતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

## ''અમરેલી એસકપ્રેસ''નાં તંત્રી, સહતંત્રીનું સન્માન



અમરેલી ખાતે યોજાયેલ લોહાણા મહાજન આયોજિત તેજસ્વી સન્માન સમારોહમાં લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ સોમૈયા અને ડો. ભરત કાનાબારે ''અમરેલી એકસપ્રેસ''નાં તંત્રી મનોજ રૂપારેલ અને સહતંત્રી મિલાપ રૂપારેલનું સન્માન કરેલ હતું.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)